CMYK

Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૬૯
તા.૧૫-૦૪-૨૦૧૮, રવિવાર
સંવત ૨૦૭૪ ચૈત્ર વદ - ૧૪
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૨૧ સૂર્યાસ્ત : ૦૬:૫૯

તાપમાન
ડીસા ૪૦.૦ | વડોદરા ૪૦.૫
અમદાવાદ ૪૧.૦ | સુરત ૩૫.૨
ગાંધીનગર ૪૧.૦ | નલિયા ૩૬.૮

ચાંદી : ૩૯,૩૦૦ સોનું : ૩૧,૭૦૦

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71 Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૭ વર્ષ...

# કોમનવેલ્થ ગેમ્સમાં ભારતનું ઐતિહાસિક પ્રદર્શન

### એક જ દિવસમાં નવ ગોલ્ડ સહિત ૧૫થી વધુ મેડલો જીત્યા : મેરી કોમ, ગૌરવ સોલંકી, સંજીવ રાજપૂત, નિરજ ચોપડા, મણિકાએ ગોલ્ડ મેડલ જીતીને ભારતનું નામ રોશન કર્યું : મેડલની સંખ્યા વધીને ૫૮ થઇ ગઇ

નવી દિલ્હી

કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય ખેલાડીઓનો જોરદાર દેખાવ આજે જારી રહ્યો હતો. આજે દસમાં દિવસે ભારતે સુવર્ણ દેખાવ કરીને આઠ સુવર્ણ ચંદ્રક સહિત ૧૫થી વધુ મેડલો જીતીને જોરદાર સપાટો બોલાવ્યો હતો. ભારતે ત્રણ કાંસ્ય અને ત્રણ સિલ્વર મેડલ પણ જીતી લીધા છે. બોક્સિંગમાં મેરી કોમ, ગૌરવ સોલંકી, શૂટિંગમાં સંજીવ રાજપૂત અને નિરજ ચોપરાએ ભાલાફેંકને ભારતને સુવર્ણ જીતાડવામાં સફળતા મેળવી હતી. પુરુષોના વર્ષમાં સિંગલ્સમાં બેડમિંટનમાં બ્રોન્ઝ મેડલ મેચમાં ભારતના એચએસ પ્રનોયે ઈંગ્લેન્ડના રાજીવ ઓસફ સામે ૨૧-૧૭, ૨૩-૨૫,



૯-૨૧થી હારી ગયો હતો. બોક્સિંગમાં ૭૫ કિલોગ્રામ મેચમાં વિકાસ કૃષ્ણએ ગોલ્ડ જીતવામાં સફળતા મેળવી હતી. ટેબલ ટેનિસમાં ભારતની હરમીત દેસાઈ અને શનિલ શંકર શેટ્ટીની જોડીએ સિંગાપોરની જોડીને હરાવીને બ્રોન્ઝ મેડલ જીતવામાં સફળતા મેળવી હતી. જો કે, હોકીમાં ભારતને મોટો ફટકો પડ્યો હતો. ભારતની ઈંગ્લેન્ડ સામે ૧-૨થી હાર થઈ હતી. અન્ય રમતોમાં પણ ભારતીય ટીમનો આજે જોરદાર દેખાવ રહ્યો હતો. સ્કવેશમાં દિપીકા પલ્લીકલ અને સૌરવ ભાવસારની જોડીએ સિલ્વર મેડલ જીતવામાં સફળતા મેળવી હતી. ભારતીય બોક્સર સતીષ કુમાર ઈંગ્લેન્ડના ફ્રેઝર ક્લાર્ક સામે ૫૧ કિલોગ્રામ વર્ગમાં હારી જતાં સિલ્વરથી સંતોષ માનવાની ફરજ પડી હતી. આજે ભારતીય ખેલાડીઓ માટે જોરદાર દિવસ રહ્યો હતો. ટેબલ ટેનિસમાં ભારત તરફથી મણિકા બત્રાએ ગોલ્ડ મેડલ જીતવામાં સફળતા મેળવી હતી. આજે ૧૦ દિવસે ભારતના મેડલની સંખ્યાનો આંકડો વધીને ૫૬ ઉપર પહોંચ્યો હતો. જેમાં ૨૬ ગોલ્ડ, ૧૫ સિલ્વર અને ૧૮ બ્રોન્ઝનો સમાવેશ થાય છે. વધારે ગોલ્ડ મેડલ જીતે તેવી શક્યતા છે. મેરી કોમ અને ગૌરવ સોલંકી બાદ બોક્સિંગમાં ભારતને હજુ પણ ચન્દ્રકો મળી શકે છે.

## વિચાર વૈભવ...

આપણે આજના જમાનાને, આજની પેઢી, યુવાનોને તેમનાં વર્તન અને સંસ્કારને દોષ દઈએ છીએ. પણ તેના પાયાના મૂળમાં કે કારણમાં તો આપણે આપણી પેઢીઓ જ છે.

ચીનના મહાન તત્વચિંતક કોન્ફ્યુશિયસ પાસે એક ખેડુત આવ્યો અને એક ટોપલીમાં ફોફલી સડી ગયા જેવી મકાઈનો ઢગલો કરી કહ્યું, 'મહાત્માજી! મેં ખેતરમાં ખૂબ ખાતર- પાણી મહેનત રેડી આ મકાઈ વાવી હતી પણ તેમ છતાં ય આવી સડેલી મકાઈનો પાક કેમ ઊતર્યો? આમાં દોષ કોનો?'

કોન્ફ્યુશિયસે કહ્યું, 'જો ભાઈ, સારા શાકભાજી ઉગાડવા હોય તો બે- ત્રણ માસ પહેલા સારા બીજને કાળજી લઈ ઉગાડવા પડે! સારાં ફળ ખાવા હોય તો ચાર- પાંચ વર્ષની કાળજી લેવી પડે, સારા સંતાન પ્રાપ્ત કરવા ચારિત્ર્યવાન- મૂલ્યોવાળા - સંસ્કારની પેઢીઓની પરંપરા જરૂરી છે એને માટે સદીઓ જોઈએ...'

'તું પણ મકાઈના સારા બીજ વાવ અને બે- ત્રણ પાક સુધી એમાંથી પણ સારી સારી મકાઈ ચૂંટી એની વાવણી કર. આમ બીજે- ત્રીજે વર્ષે તને ઉત્તમ મકાઈનો પાક મળશે.'

ખેડૂતે સલાહ મુજબ મહેનત કરી સારો પાક લીધો. 'બોલો! આજની પેઢી માટે હવે કકળાટ કરશો?!

- સુરેશ પ્રા.ભટ્ટ

### આંબેડકર જયંતિ પ્રસંગે કોંગ્રેસ પર પ્રહારો

# બાબા સાહેબના કારણે આજે હું વડાપ્રધાન : મોદી

### બીજાપુરમાં આયુષ્યમાન ભારતની આધારશીલા મુકતી વેળા બાબાસાહેબની પ્રશંસા :ગ્રામસ્વરાજ અભિયાન શરૂ

બીજાપુર

આંબેડકર જયંતિના પ્રસંગે બીજાપુરમાં આયુષ્યમાન ભારતની આધારશીલા મુકવા માટે પહોંચેલા વડાપ્રધાને એક તીરથી બે શિકાર આજે કર્યા હતા. એકબાજુ મોદીએ સ્વતંત્રતાના આટલા વર્ષ બાદ પણ બીજાપુરમાં પછાતપણાને લઈને અગાઉની સરકારો ઉપર પ્રહારો કર્યા હતા. બીજી બાજુ આંબેડકરની ભરપુર પ્રશંસા કરતા મોદીએ દલિત સમુદાયની નારાજગીને દૂર



કરવાના પ્રયાસો કર્યા હતા. મોદીએ કહ્યું હતું કે, આજે કોઈ ગરીબ માતાનો પુત્ર અને અતિપછાત વર્ગમાંથી આવનાર વ્યક્તિ વડાપ્રધાન બને છે તો તે બાબત બાબાસાહેબ આંબેડકરના કારણે જ શક્ય બની છે. એસસી અને એસટી એક્ટ પર સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદથી વિપક્ષ દ્વારા કેન્દ્રની ભાજપ સરકારને દલિત વિરોધી ગણવામાં આવી રહી હતી. આને લઈને બીજી એપ્રિલના દિવસે હિંસક આંદોલન પણ કરવામાં આવ્યા હતા જે દરમિયાન વ્યાપક હિંસા ભડકી ઉઠી હતી. સુપ્રીમ કોર્ટના ચુકાદા સામે ભારત બંધની હાકલ દલિત સમુદાય દ્વારા કરવામાં આવી હતી. જે દરમિયાન હિંસામાં ૧૩થી વધુ લોકોના મોત થયા હતા. મોદીએ પોતાને આંબેડકર જયંતિના પ્રસંગે દલિત સમુદાય સાથે જોડવાના પ્રયાસ કર્યા હતા. આયુષ્યમાન ભારતના લોન્ચિંગ માટે મોદીએ પહોંચ્યા બાદ વિપક્ષ ઉપર પ્રહારો કર્યા હતા. કાર્યક્રમમાં એક જનસભાને સંબોધતા કહ્યું હતું કે, આજે દેશના સવા સો કરોડ લોકો માટે ખુબ મહત્વપૂર્ણ દિવસ છે.

### રાઘવ રેડ્ડી અધ્યક્ષપદની ચૂંટણી હારી ગયા

# કોકજે વિહિપના નવા અધ્યક્ષ થયા : તોગડિયાને મોટો ફટકો

### વિશ્વ હિન્દુ પરિષદમાં તોગડિયા યુગનો અંત : પ્રથમ વખત ઈન્ટરનેશનલ પ્રમુખ પદની ચૂંટણી યોજાઈ

નવીદિલ્હી

વિશ્વ હિન્દુ પરિષદના કારોબારી અધ્યક્ષ પ્રવિણ તોગડિયાને આજે મોટો ફટકો પડ્યો હતો. વિશ્વ હિન્દુ પરિષદની નવી કારોબારીની આજે જાહેરાત કરવામાં આવી હતી. તેમના નજીકના રાઘવ રેડ્ડી વિશ્વ હિન્દુ પરિષદના આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ પદની ચૂંટણી હારી ગયા છે. હિમાચલ પ્રદેશના પૂર્વ ગવર્નર વિષ્ણુ સદાશીવ કોકજેને જીત મળી છે. તોગડિયા અને રાઘવ રેડ્ડીને નવી ટીમમાં કોઈપણ જવાબદારી સોંપવામાં આવી



નથી. આને વિશ્વ હિન્દુ પરિષદમાં તોગડિયા યુગના અંત તરીકે ગણવામાં આવે છે. એમ માનવામાં આવે છે કે, પ્રથમ વખત ચૂંટણી કરાવવાના કારણે પણ પ્રવિણ તોગડિયાનું વિશ્વ હિન્દુ પરિષદ પર પ્રભુત્વ ખતમ થઈ ગયું હતું. હકીકતમાં કેન્દ્ર સરકાર અને ખાસ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અનેક જગ્યાએ ટિકા ટિપ્પણી કરનાર પ્રવિણ તોગડિયાથી સંઘ અને ભાજપના લોકો ખુબ જ નારાજ હતા. વિશ્વ હિન્દુ પરિષદના બંધારણ મુજબ આંતરરાષ્ટ્રીય પ્રમુખ જ કારોબારી પ્રમુખ, ઉપપ્રમુખ અને જનરલ સેક્રેટરીની નિમણૂંક કરે છે. વિશ્વ હિન્દુ પરિષદના ૫૪ વર્ષના ઈતિહાસમાં પ્રથમ વખત ઈન્ટરનેશનલ પ્રમુખ પદ માટે ચૂંટણી યોજાઈ છે. શનિવારના દિવસે ગુરુગ્રામમાં ચૂંટણી યોજાઈ હતી.

### ભ્રષ્ટાચાર મુક્ત ગુજરાતની દિશામાં પગલા

# ભ્રષ્ટાચારમાં સામેલ કોઈને પણ છોડાશે નહીં : સરકાર

### એસીબી કેસ માટે કોર્ટ દીઠ કુલ ૨ પબ્લીક પ્રોસિક્યુટરની નિમણૂંક કરાશે : કેસોનો ઝડપથી નિકાલ લવાશે : જાડેજા

અમદાવાદ

ગૃહ રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે, શાંત, સલામત અને સમૃધ્ધ ગુજરાતની સાથે ભ્રષ્ટાચાર મુક્ત ગુજરાતના નિર્માણ માટે રાજ્ય સરકારે અનેક સ્તુત્ય પગલાં લીધા છે. દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભ્રષ્ટાચાર નિર્મૂલન માટે હાથ ધરેલાં યજ્ઞને રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી આગળ વધારી રહ્યા છે અને એટલે જ રાજ્યના વિકાસના ચાર નિર્ણાયક માપદંડોમાં પારદર્શીતાને પણ એટલું જ મહત્વ આપ્યું છે તેમ તેમણે ઉમેર્યું હતું. રાજ્યના એન્ટી કરપ્શન બ્યુરોના માળખાને અતિઆધુનિક, મજબૂત અને પ્રજાભિમૂખ બનાવી પારદર્શકતા લાવવા રાજ્યના ગૃહ વિભાગની એક બેઠક મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં તા. ૧૯-૦૩-૨૦૧૮ તથા ૦૪-૦૪-૨૦૧૮ રોજ મળી હતી. આ બેઠકમાં લેવાયેલા નિર્ણયોની જાણકારી આપતાં ગૃહ રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, રાજ્યની વિકાસ પ્રક્રિયા આગળ વધે અને તેમાં પારદર્શિતા જળવાય તે માટે રાજ્ય સરકાર કટિબધ્ધ છે. આ માટે એસબીના માળખાને વધુ સુદ્દઢ બનાવવા રાજ્યના ગૃહ વિભાગે અનેક પગલાં લીધા છે. એસીબીની કામગીરી પ્રજાલક્ષી અને પરિણામલક્ષી બને તે માટે પ્રોસીક્યુશન, ફોરેન્સીક ઈન્વેસ્ટીગેશન, પુરતુ મહેકમ, અને આધુનિકરણ માટે નાણાકીય ઉપલબ્ધિ અને આયોજન એમ પાંચ આધારસ્તંભોને મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરાયું છે. એસીબીએ તેની કાર્યપ્રણાલિને વધુ પરિણામલક્ષી બનાવવા માટે આગામી પાંચ વર્ષ માટેનો વિઝન ડોક્યુમેન્ટ પણ તૈયાર કર્યો છે. ઈન્ટરનેશનલ એન્ટી કરપ્શન એકેડેમી, ઓસ્ટ્રીયા સાથે મહત્વના એમઓયુ કરાયા છે. એટલું જ નહીં પરંતુ સીબીઆઈ એકેડેમી, ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી, ગુજરાત ફોરેન્સીક સાયન્સીઝ યુનિવર્સિટી સાથે તાલીમ માટે, ગુજરાત સ્ટેટ જ્યુડીશીયલ એકેડીમી સાથે, ગુજરાત સ્ટેટ લેવલ લીગલ સર્વીઝ ઓથોરિટી સાથે તથા ટેકનીકલ એન્ડ ફોરેન્સીક સપોર્ટ યુનિટ સાથે પણ વિવિધ એમઓયુ કરાયા છે.

# ડીસામાં અગનવર્ષા ૪૦ ડિગ્રી તાપમાન નોંધાયું

### ગરમીના પગલે પશુ - પંખી સહિત માનવ જીવનની હાલત કફોડી

પ્રતિ. વડાવળ

ડીસા સહિત જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી ગરમીનો પારો સતત ઉચકાયેલ રહેતા ગરમીનો પારો ૩૦ થી ૪૦ ડીગ્રીએ પહોંચતા આકરા ઉનાળાનો અહેસાસ થઈ રહ્યો છે. વધતી જતી ગરમી વચ્ચે શનિવારના રોજ ડીસામાં ૪૦ ડીગ્રી તાપમાન નોંધાયું હતું. ગરમીનું પ્રમાણ વધતા પશુ - પંખી સહિત માનવ જીવનની


નરસિંહ દેસાઈ

હાલત કફોડી થવા પામી છે. વહેલી સવારથી ગરમીનો અહેસાસ થવા લાગતા જે મોડી સાંજ સુધી યથાવત રહે છે. ગરમીના કારણે શહેર તથા ગ્રામીણ વિસ્તારોમાં પણ બપોરના સુમારે લોકોની અવરજવર પર અસર પડી હતી. જેના કારણે જિલ્લાભરમાં રસ્તાઓ સુમસામ થઈ ગયા હતા ગરમીના કારણે મહંદઅંશે લોકોએ સવારે અને સાંજના સુમારે બહાર નિકળવાનું વધારે મુનાશીબ માન્યુ હતું દિવસભર લોકોએ ગરમીના કારણે એસી, કુલર અને પંખાનો સહારો લઈ ગરમીથી બચવાના પ્રયાસ કર્યો હતો. ઉપરાંત ઠંડી વસ્તુઓની માંગમાં પણ વધારો થયો હતો જેથી સિઝનેબલ ધંધો કરતા વેપારીઓને ત્યાં ગરમીના પગલે તડાકો પડી ગયો હતો ડીસાના હવામાન વિભાગ પાસેથી મળતી વિગતો પ્રમાણે ડીસાનું આજે મહતમ તાપમાન ૪૦.૦ ડિ.સે. લઘુતમ તાપમાન ૨૫.૯. ડિ.સે જ્યારે પવનની ગતિ પ્રતિ કલાક ૯ કિ.મી નોંધાવા પામી છે.

# લાખો જીવોને અભયદાન આપનાર મુખ્યમંત્રીના નિર્ણયને જીવદયા પ્રેમીઓએ વધાવ્યો

### રાજયમાં પશુ ઉછેર સંવર્ધન કેન્દ્ર અને પોલ્ટ્રીફાર્મ ઉપર બિન ઉપયોગી પશુઓની હરાજી બંધ

ડીસા

ગુજરાતમાં પોલ્ટ્રીફાર્મ અને ઘેટાં - બકરાં - પાડા ઉછેર સંવર્ધન કેન્દ્ર દ્વારા કરવામાં આવતી બિન ઉપયોગી પશુઓની હરાજી ઉપર પ્રતિબંધ મુકી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ લાખો જીવોને અભયદાન આપ્યું છે. જે નિર્ણયને ડીસા સહિત રાજયભરના જીવદયા પ્રેમી ઓએ બિરદાવ્યો છે.

રાજકોટ પાંજરાપોળના ટ્રસ્ટી



રાજેન્દ્રભાઈ આર.શાહે રાજયના મુખ્યમંત્રી વિજય ભાઈ રૂપાણીને પત્ર લખી પશુપાલન વિભાગ દ્વારા પોલ્ટ્રીફાર્મ ઘેટાં - બકરાં ઉછેર અને સંવર્ધન કેન્દ્રોમાં બિન ઉપયોગી પશુઓની થતી હરાજી બંધ કરવા ઉગ્ર રજૂઆત કરાઈ હતી. આથી મુખ્યમંત્રી રૂપાણીએ આ હરાજી તાત્કાલિક ધોરણે બંધ કરી બિન ઉપયોગી પશુઓને નજીકના પાંજરાપોળમાં સોંપી દેવા આદેશ કરી જીવદયાનું ઉમદા કાર્ય કર્યું છે. આ બાબતે મુખ્યમંત્રીના સંયુક્ત સચિવ પરિમલભાઈ શાહે રાજેન્દ્રભાઈ શાહને પત્ર ક્રમાંક સીએમ ડેસ્ક - ૦૩- ૨૦૧૮ /૧૯૫ મુજબ આ હુકમ વિશે જાણ કરી છે. મુખ્યમંત્રી રૂપાણીના આ નિર્ણયને રાજયભરના જીવદયા પ્રેમીઓએ વધાવ્યો છે. ત્યારે ૭૦ હજારથી પણ વધુ અબોલ જીવોને બચાવનાર જીવદયા પ્રેમી ભરતભાઈ કોઠારી અને બનાસકાંઠા જિલ્લા ગૌશાળા - પાંજરાપોળ ફેડરેશનના માનદ મંત્રી હસમુખભાઈ વેદલીયાએ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ને પત્ર લખી આ નિર્ણય બદલ અભિનંદન પાઠવ્યા છે.

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ.રમેશ આઈ.પટેલ (ચૌધરી)
ડીસા, મો.૯૦૩૩૯૨૫૪૪૦

# ડીસા એરપોર્ટ અને ભાખર નજીક બીએસએફનો કેમ્પ લાગતાં લોકોમાં ફફડાટ

### સંભવિત એરબેઝની ચર્ચાને લઈ સ્થાનીક રહીશોમાં જમીન જવાનો ડર

ડીસા

ડીસામાં એરબેઝની ચર્ચાઓ વચ્ચે ડીસા એરપોર્ટ અને ભાંખર ગામે બીએસએફના કેમ્પ લાગતા એરપોર્ટથી લઈ ભાંખર ગામ સુધી સ્થાનીક રહીશોમાં ફફડાટની લાગણી વ્યાપી જવા પામી છે. આ એરબેઝ સ્થપાશે તો લોકોની મહામુલી જમીન જવાનો ડર સતાવી રહ્યો છે ત્યારે સરકારે આ ચર્ચા વિવાદાસ્પદ બને તે પહેલાં સ્પષ્ટતા કરવી જરૂરી બની છે.

કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં ડીસા એરપોર્ટ કે નાંણી ખાતે એરબેઝ સ્થાપવાની જાહેરાત કરાતાં


ભરત સુંદેશા

લોકોમાં ઉત્સુકતા છવાઈ હતી. જેમાં ડીસા એરપોર્ટ ખાતે એરબેઝ બનશે કે નાંણી ગામ પાસે બનશે તેને લઈ અનેક તર્કવિતર્કો વહેતા થયા હતા. જે ચર્ચાઓના દૌર વચ્ચે ડીસા એરપોર્ટ ખાતે તેમજ ભાંખર ગામ નજીક બીએસએફના કેમ્પ લાગતાં સ્થાનિક રહીશોમાં ભયની લાગણી વ્યાપી જવા પામી છે. ડીસા એરપોર્ટ આસપાશની સોસાયટીના રહીશો તેમજ એરપોર્ટના પટ્ટામાં આવતા રાણપુર, કાંટ, અજાપુરા, વાસડા અને ભાંખરના ગ્રામજનોમાં સંભવિત એરબેઝને લઈ મહામુલી જમીન કપાવવાનો ભય સતાવી રહ્યો છે. બનાસકાંઠા જિલ્લામાં ખાસ ઉપજાઉ અને પાણીદાર જમીન ડીસા પંથકમાં છે ત્યારે એરબેઝના કારણે જમીન કપાશે તો જિલ્લાના અર્થતંત્રને ભારે નુકશાન થઈ શકે તેમ છે. જોકે બીએસએફ કેમ્પ કે એરબેઝને લઈ કોઈ અધિકારીઓ દ્વારા કોઈ સુચના અપાઈ નથી પરંતુ હાલમાં તો સ્થાનિક રહીશો જમીન જવાના ડરથી ફફડી ઉઠયા છે ત્યારે આ ચર્ચાએ વિવાદનું સ્વરૂપ ધારણ કરે તે પહેલાં સરકાર દ્વારા યોગ્ય થાય તે જરૂરી છે.

### ડીસા એરપોર્ટથી ભાખર સુધીની જમીનના ભાવ ગગડયા

ડીસાએરપોર્ટ ખાતે સંભવિત એરબેઝ સ્થાપવાની ચર્ચાને લઈ એરપોર્ટથી ભાંખર ગામ સુધીના જમીનના સોદા બંધ થઈ ગયા છે. જેથી તેના ભાવ પણ ગગડી રહ્યા છે. આ વિસ્તારની સોસાયટી કે ગામોમાં કોઈ નવું મકાન ખરીદવા તૈયાર નથી તો લોકો નવું બાંધકામ પણ કરતા વિચારે છે.

CMYK

સૂર્યોદય - ૬.૨૧ સૂર્યાસ્ત - ૬.૫૯

## તિથિદર્શન

ચૈત્ર વદ ૧૪ રવિવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ ચૈત્ર વદ :ચૌદસ રવિવાર નક્ષત્ર:રેવતી રાત્રે ૨૮.૦૫ પછી અશ્વિની યોગ :વૈધૃતી કરણ:ચતુષ્પાદ આજે જન્મેલા બાળકની રાશી મીન (દ.ચ.ઝ.થ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

### ક્ષુત્તુડાશાઃ કુટુંબીન્યો મચિ જીવતિ નાન્યગાઃ તાસામાશા મહાસાધ્વી કદાચિન્માં ન મુંચ્યતિ

'ભૂખ, તરસ અને આશા (તૃષણા) એ ત્રણ મારા ઘરની મારી પત્નીઓ જેવી છે, હું જીવું છું ત્યાં સુધી તે બીજા કોઈની પાસે જનારી નથી, તેમાં પણ આશા (તૃષ્ણા) મોટી સાધ્વી- સતી જેવી છે, એટલે એ તો મને કદી પણ છોડવાની નથી.' માણસ જન્મતાંની સાથે પેટ ભરવાની પળોજણમાં પડી જાય છે. અણસમજુ- વિચારશક્તિ વિનાનું- આંખ પણ ખુલ્યા પહેલાં 'ભૂખ' લઈને જ આવે છે. 'રડવા'ના સંકેતથી માગણી મૂકે છે. તે છેક મૃત્યુશય્યા સુધી - પથારીમાં પડ્યા પછી- જતાં જતાં પણ એક ફરિયાદ તો દર્દી કરે છે 'ખવાતું નથી!' તરસ- તૃષા પણ એવી તીવ્ર લાગણી છે કે કંઠ શોષ પામે ત્યારે 'પાણી' ખૂબ યાદ આવે- જૈનોના ઉપવાસ કે 'નિર્જળા' કરનારને જ આ અનુભૂતિ હોય છે. અને 'આશાઓ' એક પૂરી થઈ નથી અને બીજીનો જન્મ થઈ જ જાય છે. માયા - મમતા- પ્રેમ કે ભૌતિક સુખોની અપેક્ષાઓનો કદાપિ અંત આવતો નથી. મજૂરીમાં - ફળ વેચી પેટનું ગુજરાન ચલાવનાર 'કરોડો' કમાયા પછી ટુજી સ્પેક્ટ્રમના કમિશન કટકી કરે જ છે. કવિ ભૂખ તરસ- તૃષ્ણાને પોતાની પત્ની જેવી કહે છે એમાં પણ 'તૃષ્ણા' નામની સ્ત્રી તો જાણે પતિવ્રતા છે કોઈ પણ સંજોગોમાં મનરૂપી પતિનો કદાપિ ત્યાગ કરતી નથી, 'પડછાયા'ની જેમ સાથે જ રહે છે.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) સ્વજનથી મિલન-મુલાકાત થાય. કૌટુંબિક કાર્યમાં સફળતા મળે.**

**વૃષભ : (બ.વ.ઉ.)આવક કરતા જાવક વિશેષ રહે. અંગત મૂંઝવણ અનુભવાય.**

**મિથુન : (ક.છ.ઘ.)આર્થિક સમસ્યા હળવી બને. નોકરી-ધંધામાં સફળતા રહે.**

**કર્ક : (ડ.હ.) પ્રવાસ-પર્યટન થાય.આર્થિક સમસ્યાનો ઉકેલ મળે.**

**સિંહ : (મ.ટ.)મહત્વના કાર્યો અટકી પડે. ગૃહસ્થીજીવનમાં ચકમક ઝરે.**

**કન્યા : (પ.ઠ.ણ.) ખર્ચમાં વધારો થાય. આર્થિક સમતુલા ખોરવાઇ જાય.**

**તુલા : (ર.ત.)અગત્યના કાર્યમાં રૂકાવટ આવે. મનની મુરાદ બર ન આવે.**

**વૃશ્ચિક : (ન.ય.)સ્નેહિથી મતભેદ સર્જાય. કૌટુંબિક સમસ્યાનો ઉકેલ મળે.**

**ધન : (ભ.ફ.ધ.)પડવા-વાગવાથી સંભાળવું. નવિન તક મળે.**

**મકર : (ખ.જ.)પુરૂષાર્થ વધારવાથી કાર્યમાં સફળતા મળે. અકારણ ચિંતા રહે.**

**કુંભ : (ગ.શ.સ.) વાણી સંયમ જાળવવો હિતાવહ. વ્યર્થ ક્રોધના ભોગ બનવું પડે...**

**મીન : (દ.ચ.જ.થ.)પારિવારીક જીવનમાં આનંદ રહે. મનની મુરાદ પૂરી થાય.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

શીખ ધર્મના સ્થાપક ગુરૂ નાનકનો જન્મ દિન છે. એમનો જન્મ ૧૫-૪-૧૪૬૯ના રોજ લાહોર (પાકિસ્તાન) જિલ્લાના નલવંડી ગામમાં થયો હતો. ગુરૂ નાનકે બઈ નદીના કિનારે. સ્નાન કરી, જંગલમાં જઈ સાડા ત્રણ દિવસ સુધી કઠોર તપ કર્યુ. અંતે જ્ઞાનનો સાક્ષાત્કાર થયો, તેમણે સૌને ઉપાદેશ આપ્યો 'કોઈ હિંદુ નથી, કોઈ મુસલમાન નથી' સૌ એક જ પિતાના સંતાનો છે. તેમણે 'સતનામ' (સાચા ઈશ્વર) ઉપર વિશ્વાસ કરવાનું અને તેની ભકિત કરવાનું કહ્યું. તેમના માટે તો એમ કહેવાતું કે 'ગુરૂ નાનકશા ફકીર,હિંદુઓ કા ગુરૂ- મુસલમાનો કા પીર !'

આ મહાન સંતનું ઈ.સ.૧૫૩૯માં અવસાન થયું.

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.

# એસઆરપી કેમ્પ મડાણા ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

ડીસા

તા. ૧૪/૪/૨૦૧૮ ના રોજ સવારે ૭:૦૦ કલાકે એસ.આર.પી.કેમ્પ, મડાણા (ડાંગીયા) ખાતે રોટરી ક્લબ પાલનપુર સીટી અને પેથાણી બ્લડ બેન્ક દ્વારા એસઆરપી કેમ્પના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો.

જેમાં ઈન્ચાર્જ સેનાપતિ બી.એમ.ચૌધરી (જી.પી.એસ.)ના માર્ગદર્શન અને ડૉક્ટર જાગૃતિબેન મોદી (મેડિકલ ઓફિસર) ના સુપર વિઝન હેઠળ રોટરી ક્લબ પાલનપુર સીટી તરફથી જયપ્રકાશ મહેશ્વરી અને પીએસઆઈ હિતેશભાઈ પરમાર તેમજ એસ.આર.પી.ના અધિકારીઓ/ કર્મચારીઓ, આપદા મિત્રો, તાલીમાર્થીઓ દ્વારા બ્લડ આપવામાં આવેલ અને ૩૨ જેટલી બોટલનું સ્વેચ્છાએ કલેક્શન કરવામાં આવ્યું હતું.

આ બ્લડ ડોનેશનમાં ચેરમેન રો.કીર્તિભાઈ કર્ણાવત, મંત્રી કનુભાઈ પટેલ, રો.ભારતીબેન મહેશ્વરી અને પેથાણી બ્લડ બેન્ક સ્ટાફ તથા એસ.આર.પી.ના અધિકારીઓ/ કર્મચારીઓ, આપદા મિત્રો, તાલીમાર્થીઓ હાજર રહ્યા હતા.

# અમીરગઢ તાલુકા પગાર કેન્દ્ર શાળા- ૧ માં ડૉ.બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિની ઉજવણી


વિશાલ નાઈ

પ્રતિનિધિ અમીરગઢ

તા. ૧૪/૪/૨૦૧૮ ના રોજ શ્રી અમીરગઢ પગાર કેન્દ્ર શાળા- ૧ માં શાળાના આચાર્ય રાજેશકુમાર જી.પટેલના માર્ગદર્શન હેઠળ અને દૂધાભાઈ એન. પરમારના આયોજન હેઠળ ૧૨૭મી ડૉ.બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સૌપ્રથમ શાળાના આચાર્ય તથા સ્ટાફગણ દ્વારા દિપપ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શાળાના આચાર્ય રાજેશભાઈ જી.પટેલે ડૉ.બાબાસાહેબ આંબેડકરને ફુલહાર પહેરાવીને જન્મજયંતિ ઉજવણીની શરૂઆત કરી હતી. શાળાના સ્ટાફગણે વારાફરતી પુષ્પઅર્પણ કર્યા હતા. ત્યારબાદ શાળાના શિક્ષક મણિભાઈ પંચાલે ડૉ.બાબાસાહેબના વિચારો પ્રગટ કર્યા હતા. શાળાના શિક્ષક મુશદભાઈ એસ.મીરે પોતાનું વક્તવ્ય આપ્યું હતું. ત્યારબાદ પુરબિયા વિનોદભાઈ, સેનમા સંજયકુમાર અને ધર્મેન્દ્રસિહે પોતાના વિચારો રજુ કર્યા હતા. આ પ્રસંગે બાળકોને ચોકલેટ આપીને મોં મીઠું કરાવ્યું હતું.

# કાંકરેજ તાલુકામાં ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિ ઉજવાઈ


વિજય સિલ્વા

પ્રતિ. શિહોરી

આજરોજ બાબાસાહેબ આંબેડકર ની ૧૨૭ મી જન્મજયંતી કાંકરેજ તાલુકા ના પંચાયત કચેરી અને તાલુકા મથક શિહોરી તા પં. કચેરી ખાતે ભાજપ કોંગ્રેસ સાથે મળી. ભારત ના ઘડવૈયા ડૉ બાબાસાહેબ આંબેડકર ની ૧૨૭ મીની જન્મજયંતી ની ઉમંગ સાથે ઉજવણી કરી હતી

આજે ડો બાબાસાહેબ આંબેડકર ની જન્મ જયંતિ નિમિત્તે આજે સવારે શિહોરી ચાર રસ્તા થી બાબાસાહેબ ના ફોટા સાથે મોટી રેલી કાઢવા માં આવિહતી ,તેમાં કોંગ્રેસ ભાજપ ના પદાધિકારીઓ અને દલિત સમાજ ના આગેવાનો અને મોટી સંખ્યા મા લોકો રેલી મા જોડાયા હતા ,અને જય ભીમ અને આંબેડકર સાહેબ જીંદાબાદ ના નારા સાથે રેલી કાંકરેજ તાલુકા પંચાયત કચેરી ખાતે આવી સભા ભરવામાં આવી હતી તેમાં કાંકરેજના ધારાસભ્ય શ્રી કીર્તિસિંહ વાઘેલા એ ડૉ બાબાસાહેબ આંબેડકર ના જીવન વિશે લોકો ને માહિતગાર કર્યા હતા અને દેશ ને આઝાદી અપાવવા મા તેમનો મોટો ફાળો હતો તેવું જણાવેલ ત્યારે આ કાર્યક્રમ મા કોંગ્રેસ ભાજપ ના સભ્યો ઉપથિત રહયા હતા તેમાં ભારતસિંહ, ભટેસરિયા, માફાજી સોલંકી, અનિલભાઈ ત્રિવેદી, ટીડીઓ કાંકરેજ વરધીજી ઠાકોર, દિનેશભાઈ ઠક્કર, અશ્વિનભાઈ શાહ, હંસપુરી ગૌસ્વામી અને મોતીસંખ્યા મા દલિત ભાઈઓ ઉપસ્થિત રહયા હતા અને તાલુકા પંચાયત નો સ્ટાફ હાજર રહ્યો હતો.

# ખેટવા પ્રા.શાળામાં ધો.૮ ના વિદ્યાર્થી ભાઈ - બહેનોનો વિદાય સમારંભ યોજાયો


કંચજી ઠાકોર

પ્રતિ. ભીલડી

ડીસા તાલુકાના ખેટવા પ્રા.શાળામાં ધો.૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ - બહેનોનો વિદાય સમારંભ શાળાના આચાર્ય મહેશભાઈ નાઈના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. વિદાય લઈ રહેલા ધો.૮ ના વિદ્યાર્થીઓને શાળામાં સ્મૃતિરૂપે ૮ (આઠ) ખુરશીઓ ભેટ આપી હતી. શાળાના શિક્ષકો ભાવેશભાઈ સોલંકી, જીગરભાઈ જોષી, ભાવનાબેન પટેલ, કિનરીબેન, રમેશભાઈ મકવાણા, સોનલબેન પટેલ, અજયભાઈ વગેરે શાળા સ્ટાફ પરિવારે વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.

કાર્યક્રમનું સંચાલન ધો.૭ ની વિદ્યાર્થીની કુમારી નીયતીબેન દેસાઈએ કર્યું હતું અને શાળા પરિવાર સ્ટાફ દ્વારા તમામ બાળકોને અલ્પાહાર આપવામાં આવ્યો હતો.

# આસેડા પગાર કેન્દ્ર શાળામાં ડાઁ.બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ ઉજવાઈ

પ્રતિ. આસેડા

ડીસા તાલુકાના આસેડા ગામે ડાઁ.આંબેડકરની ૧૨૭ મી જન્મજયંતિ ઉજવાઈ હતી. તેમાં આસેડા પગાર કેન્દ્ર શાળામાં બાબાસાહેબના ફોટા પર પુષ્પ ચડાવવામાં આવ્યા હતા. આચાર્ય જે.સી.પંચાલ તેમજ પ્રા. શાળાના શિક્ષકો, બાળકો ઉપસ્થિત રહ્યા હતા.આ ઉપરાંત આસેડા ગ્રામ પંચાયતમાં આંબેડકરની જન્મજયંતિ યોજાઈ હતી. તેમાં સરપંચ રાઠોડ ચારૂબેન મથુરજી તેમજ તલાટી કમમંત્રી આર.એસ.સિન્ધી હાજર રહ્યા હતા.

## ચક્ષુદાન એ મહાદાન



**શ્રી રામ ચેરીટેબલ ટ્રસ્ટ, ડીસા અને દિવ્ય જયોતિ ચક્ષુબેંક ડીસાના સંયુકત ઉપક્રમે ચાલતા ચક્ષુદાન-મહાદાનમાં જેમણે ચક્ષુદાનનો સંકલ્પ કર્યો છે. તેવા શુભેચ્છકોની યાદી નીચે મુજબ છે.**

(૧)વિનોદભાઈ પીતાંબરભાઈ સાંખલા (મો.)
(૨) મીનાક્ષીબેન બચુભાઈ સાંખલા (મો. ૯૯૭૪૫૪૧૫૦૯)
(૩)મધુબેન દલપતભાઈ સાંખલા (મો. ૯૫૫૮૯૬૦૭૨૬)

**નોંધ : આપ પણ ચક્ષુદાનના યજ્ઞમાં જોડાઓ**
**સંપર્ક : ૯૪૨૯૪ ૩૦૩૦૧, ૬૩૫૧૨૨૩૮૫૫, ૯૮૨૪૦ ૯૩૭૭૬, ૯૪૨૬૩ ૩૬૧૭૮**

# જિનયોગ થરા દ્વારા પરબનું લોકાર્પણ


કિશોર પ્રજાપતિ

પ્રતિ. થરા

કાંકરેજ તાલુકાના વેપારી મથક થરા ધાર્મિક નગરી તરીકે ઓળખાય છે. જયાં કથા, રામનામ મંત્ર જાપ ધાર્મિક શોભાયાત્રાઓના વિશેષ આયોજનો અવારનવાર થતાં જોવા મળે છે. જેમાં જલારામ મંદિર થરા તરફથી ટીફીન સેવા - ગરીબોને ભોજન જેવા વિશેષ કાર્યક્રમો થતા રહે છે. હાલમાં ઉનાળાનો સમય છે ત્યારે પીવાના પાણીની વિશેષ જરૂરિયાત હોય છે. લોકોને પીવાનું પાણી મળી રહે તે માટે થરા જલારામ મંદિર ઓમવોટર પ્લાન્ટ તેમજ જિનયોગ સેવામંડળ દ્વારા અતુલ નાસ્તા હાઉસ પાસે મીનરલ વોટર પરબનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું જેમાં કાંકરેજ તાલુકાના યુવા ધારાસભ્ય કિર્તીસિંહ વાઘેલા, ખાનુભા વાઘેલા, પૃથ્વીરાજસિંહ વાઘેલા, વિજયભાઈ ઠક્કર જલારામ મંદિર, કનુભાઈ ઠક્કર ભાજપ, નિરંજનભાઈ ઠક્કર ભાજપ, અતુલભાઈ શાહ અતુલ નાસ્તા હાઉસ, થરા તેજાભાઈ ઠાકોર ભાજપ તેમજ અનેક લોકોની ઉપસ્થિતિમાં પરબનું લોકાર્પણ કરાતા ગરમીના સમયમાં લોકોને આ પરબ આર્શીવાદ રૂપ બની છે.

# મુડેઠા પગાર કેન્દ્ર શાળામાં ડો.બી.આર. આંબેડકરની જન્મ જયંતીની ઉજવણી કરાઇ


સાદુળસિંહ રાઠોડ

પ્રતિ. મુડેઠા

ભારતભરમાં ડૉ.બી.આર. આંબેડકર ની જન્મ જયંતી નિમિત્તે પુરો ભારત દેશ ..૧૨૭ મી જન્મ જયંતી ની ઉજવણી કરાઇ રહી છે. જેમાં મુંડેઠા પગાર કેન્દ્ર શાળામાં ડૉ.બી.આર. આંબેડકરની જન્મ જયંતી ના ભાગ રુપે સામાજિક ન્યાય દિવસની ઉજવણી કરાઇ હતી. તેમા શાળાના ઉત્સાહ શિક્ષક દિલિપસિહ ચૌહાણ એ બાળકો ને ડૉ.આંબેડકર જીવન ચરિત્ર ની બાળકો ને જાણકારી આપી હતી. તેમા વક્તવ્ય સ્પર્ધા ચીત્ર સ્પર્ધાનુ પણ આયોજન કર્યુ હતુ. મુંડેઠા ગામ મા રેલી યોજી ગ્રામજનો આજના દિવસ ની ની જાણકારી આપી હતી. મુંડેઠા પગાર કેન્દ્ર શાળાના આચાર્ય હિરેનભાઈ પુરોહિત અને શાળા સ્ટાફ દ્વારા ડૉ.બી.આર.આંબેડકર ની ૧૨૭ મી જન્મ જયંતી નિમિત્તે સુંદર આયોજન કરી સમરસત દિવસની ઉજવણી કરાઇ હતી. શાળાના બાળકો ઉત્સાહ મા આંબેડકર ની જન્મ જયંતી નિમિત્તે રેલી યોજી ને નારા ઉચ્ચા અવાજે બોલ્યા હતા. શાળાના આચાર્ય અને શાળા સ્ટાફ દ્વારા ડૉ.આંબેડકર ના જીવન ચરિત્ર નુ મુલ્યાંકન આપવામાં આવ્યુ હતુ.

# ધાનેરામાં સરસ્વતી વિદ્યા મંદિરમાં વાર્ષિકોત્સવ ઉજવાયો


એન.કે.મોદી

તા.પ્રતિ ધાનેરા

વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન લોક કલ્યાણ ટ્રસ્ટ સંચાલિત સરસ્વતી વિદ્યા મંદિરમાં વર્ષના અંતે આજે વિદ્યાર્થીઓના વિદાયની સાથે સન્માન અને વાલીઓના સંમેલનનો સંયુક્ત વાર્સીકોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે ડો. બી.જી.મોર, ડો.એમ.એસ. અગ્રવાલ, કૈલાસભાઈ ત્રિવેદી, અરવિંદભાઈ તુવર સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટય કરી કરવામાં આવી હતી જે બાદ શાળાના બાળકો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા હતા અને ઉપસ્થિત મુખ્ય વક્તા કૈલાસભાઈ દ્વારા તત્કાલીન સમસ્યાઓ અને વર્તમાનમાં સમાજમાં બાળકોના સર્વાંગી વિકાસ માટે શાળામાં શિક્ષણની સાથે યોગ્ય જ્ઞાન પણ જરૂરી છે તે વિસે સુંદર વક્તવ્ય આપવામાં આવ્યું હતું જે બાદ વર્ષ દરમિયાન વિવિધ પ્રવૃતિઓમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

# વડગામની દશ આંગણવાડી કેન્દ્રોમાં બાળતુલા કાર્યક્રમની ઉજવણી કરાઈ


પુષ્કર ગૌસ્વામી

તા.પ્રતિ. વડગામ

સંકલિત બાળવિકાસ યોજના અંતર્ગત વડગામમાં કાર્યરત દશ આગણવાડી કેન્દ્રોમાં ગતરોજ તા.૧૪ મી એપ્રિલ ૨૦૧૮ શનિવારે ભારતરત્ન ડાઁ.બાબાસાહેબ આંબેડકરની ૧૨૭ મી જન્મ જયંતિ ઉપક્રમે બાળપોષણ કાર્યક્રમ અન્વયે ૦ થી ૫ વર્ષના બાળકોની બાળતુલા અને સગર્ભા ધાત્રી માતાનું વજન તથા આરોગ્ય તપાસણી કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગના પ્રતિનિધિ ફતુબા નવઘણસિંહ ચૌહાણ, ગણેશજી ઠાકોર, ચતરાજી ઠાકોર તથા આઈસીડીએસ કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આંગણવાડી કાર્યકર ગીતાબેન ભૂતડીયા, પ્રેમીલાબેન વી.પરમાર, વર્ષાબેન ઉપાધ્યાય, દક્ષાબેન ચૌહાણે બાળતુલા કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું. આશા વર્કર સવિતાબેન પુરબિયા તથા ભાવનાબેને સગર્ભા ધાત્રી માતાઓને આરોગ્ય વિષયક વિગતો આપી હતી.

# વાવ ખાતે બાબાસાહેબ આંબેડકરની ૧૨૭મી જન્મજયંતિની ઉજવણી


વિષ્ણુ પરમાર

તા.પ્રતિ વાવ

તા.૧૪ એપ્રિલ ૨૦૧૮ ના રોજ વાવ ખાતે બાબાસાહેબ આંબેડકરની ૧૨૭ મી જન્મજયંતિની શાનદાર રીતે ઉજવણી કરવામાં આવી હતી. જે પ્રસંગે સમસ્ત અખંડ મેઘવાળ સમાજ બ.કાં. દલિત સંગઠન વાવ એકમ, જયભીમ યુવક મંડળ, શ્રેયસ નવજીવન આશ્રમ, ધરતી એકેડેમી, રામભાઈ ટયુશન કલાસીસના સહીયારા પ્રયાસથી ડી.જે. સાઉન્ડના તાલ સાથે એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. વાવ હાઈવે ચાર રસ્તાથી નીકળેલી રેલી બાબાસાહેબ આંબેડકરના સુત્રોચ્ચાર સાથે દલિત સમાજની વાડી ખાતે પહોચી હતી. જયાં એક વિશાળ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દલિત બંધૂઓએ બાબાસાહેબ આંબેડકરના જીવન ઝરમર વિશે ચર્ચાઓ કરી હતી. વધુમાં આ ઉજવણીના ભાગરૂપે તા.૧૩/૪/ ૧૮ ના રોજ દલિત સમાજની વાડી ખાતે રાત્રે એક ભવ્ય જયભીમ સંતવાણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જે પ્રસંગે ગુજરાતના નામાંકિત કલાકારોમાં હંસાબેન સુપાતર, ચંદ્ર બારોટે જયભીમના ગીતોની રમઝટ બોલાવી શ્રોતાજનોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

# ઋષિતા ભટ્ટ અને મોહિત મદનની ફિલ્મ 'ઈશ્ક તેરા' ૨૦મી એપ્રિલે રિલિઝ થશે

અમદાવાદ

વર્ષ ૨૦૦૧માં શાહરુખ ખાન સાથે 'અશોકા' ફિલ્મમાં લીડ કર્યા બાદ ઋષિતા ભટ્ટ લગ્ન બાદ ફરી એકવાર હિન્દી ફિલ્મોમાં એન્ટ્રી કરી રહી છે. આ વખતે ઋષિતા જોજો ડિસોઝાની ફિલ્મ ઈશ્ક તેરા સાથે કમબેક કરી રહી છે. તેમની સાથે 'અક્સર-૨' ફેમ મોહિત મદન મુખ્ય ભુમિકામાં જોવા મળશે. ઈશ્ક તેરા ફિલ્મ પતિ-પત્નિના પ્રેમ ઉપર આધારિત છે, જેમાં ઋષિતા ભટ્ટ કલ્પના નામની એક એવી પત્નિની ભુમિકામાં જોવા મળશે, જે માનસિક બિમારીથી પીડીત છે.ફિલ્મનું પ્રમોશન કરવા અમદાવાદ આવેલા ઋષિતા ભટ્ટ અને મોહિત મદને ફિલ્મની વિશેષતાઓ અંગે વાત કરતાં જણાવ્યું હતું કે ઈશ્ક તેરા પતિ-પત્નિની પ્રેમ વાર્તા છે, જેમાં એક પતિ (મોહિત મદન) કેવી રીતે માનસિક બિમાર પત્નીને અપાર પ્રેમ કરીને બિમારીમાંથી બહાર લાવે છે. આ ફિલ્મ ૨૦મી એપ્રિલના રોજ રિલિઝ થશે. ઉલ્લેખનીય છે કે ભારતમાં ઈશ્ક તેરા પોતાના પ્રકારની પ્રથમ ફિલ્મ છે, પરંતુ વિદેશોમાં આ પ્રકારના પ્રયોગ થઇ ચૂક્યાં છે.



ઉલ્લેખનીય છે કે સાઇકોલોજીક થ્રિલર ફિલ્મ ઈશ્ક તેરાની સ્ટોરી હટકે છે અને રાઈટર દિક્ષા સિંહે એક રિયલ લાઈફ ઈન્સિડન્ટથી પ્રેરણા લઈને વાર્તા લખી છે. ઋષિતા ફિલ્મમાં ડબલ રોલમાં કલ્પના અને લૈલાના કરેક્ટરમાં જોવા મળશે.

# પીએનબીની ૧૨૪મી વર્ષગાંઠની સમાજસેવાની પહેલ સાથે ઉજવણી



પંજાબ નેશનલ બેંકે પોતાના ૧૨૪મા વર્ષના સીમાચિહ્નના અવસરે પોતાની ૬૫૦૦ શાખાઓને આવરી લેતી ૭૬ સર્કલ ઓફિસોમાં ૨૦૦ રક્તદાન કેન્દ્રો પર રક્તદાન શિબિરોનું આયોજન કર્યુ હતું. આ કેમ્પનું આયોજન દ્વારકામાં પીએનબીની હેડઓફિસ ખાતે રેડક્રોસ સોસાયટી ઓફ ઈન્ડિયા અને એઆઈપીએનબીઓએના (ઓલ ઈન્ડિયા પંજાબ નેશનલ બેંક ઓફિસર્સ એસોસિયેશન) સહયોગથી પીએનબીના વરિષ્ઠ અધિકારીઓની ઉપસ્થિતિમાં પીએનબીના એમડી અને સીઈઓ, શ્રી સુનિલ મહેતાએ કર્યું હતું. આ રક્તદાન અભિયાનના પરિણામ સ્વરૂપે જ ૧૫,૦૦૦ યુનિટ રક્તદાન થયું હતું. વિશાળ સંખ્યામાં સ્થાનિક સ્ટાફના સભ્યોએ સ્વૈચ્છિક રીતે આગળ આવીને આ પહેલમાં ભાગ લીધો હતો.બેંક છેલ્લા ૨૦ વર્ષથી તેના સીએસઆર એજન્ડાના ભાગરૂપે રક્તદાન શિબિરો આયોજિત કરતી રહી છે જેને સ્ટાફ તરફથી અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડી રહ્યો છે. બેંક પોતાની સામાજિક જવાબદારીઓને અદા કરતી રહીને ઉત્કટ રીતે પર્યાવરણની જવાબદારીઓને સંબોધિત કરતી રહી છે. બેંક દ્વારા વિવિધ સમુદાયો, સખાવતી સંસ્થાઓ અને એનજીઓ/કચડાયેલા માટે કાર્યરત સંસ્થાઓ, સમાજના નબળા વર્ગોને સહાયભૂત થઈ રહી છે. બેંક ડાયાબિટીસ, ટીબી, એઈડ્સ અને રક્તપિત્ત વગેરે રોગો સામે પણ ઝુંબેશ ચલાવી રહી છે.

# હિમાલયા બેબીકેર રજૂ કરે છે રિફ્રેશિંગ બેબી વૉશ



હિમાલયા રિફ્રેશિંગ બેબી વૉશ શીતળ, તાજગીપૂર્ણ, જીવાણુંરોધી અને બળતરારોધી ગુણધર્મો ધરાવે છે, જે બાળકોમાં વધુ પડતો પરસેવો અને અળાઈની ફોલ્લીઓનું પ્રબંધન કરવામાં અસરકારક રીતે મદદ કરે છે. તડબૂચ અને ચંપકાની સાલસતાથી પ્રેરિત રિફ્રેશિંગ બેબી વૉશ શીતળતા પ્રદાન કરે છે, ત્વચાને કન્ડિશન કરે છે અને તાજગીપૂર્ણ બનાવે છે જયારે લીમડાના જીવાણુંરોધી ગુણધર્મો ત્વચાના ચેપ અટકાવે છે. રિફ્રેશિંગ બેબી વૉશ ઉનાળા દરમિયાન ઉપયોગ માટે આદર્શ છે અને તે કૃત્રિમ રંગોથી મુક્ત છે.પૅક સાઈઝ અને કિંમતઃ૧૦૦ મીલીલીટર માટે રૂપિયા ૮૦ અને ૨૦૦ મીલીલીટર માટે રૂપિયા ૧૫૦ રૂપિયા ઉપયોગ માટેના સૂચનોઃએક ભીના સ્પન્જ પર અથવા હાથ પર હિમાલયા રિફ્રેશિંગ બેબી વૉશ લો અને તેને બાળકની ત્વચા પર લગાવો. ફીણ બનાવો, ધૂઓ અને જો જરૂરી હોય તો તેનું પુનરાવર્તન કરો.હિમાલયા રિફ્રેશિંગ બેબી વૉશ તમામ અગ્રણી ફાર્મસીઓ, આધુનિક વેપારના આઉટલેટ્સ અને વિશિષ્ટ હિમાલયા સ્ટોર્સ, તેમજ www.himalayastroe.com પર ઑનલાઈન ઉપલબ્ધ છે.

## કેપ્સુલ

વિનોદ : તારી પત્ની હંમેશાં ગુસ્સામાં જ કેમ રહે છે ?

અજય : મેં એકવાર તેને ભૂલથી કહી દીધું હતું કે તે ગુસ્સામાં પણ ખૂબ સુંદર લાગે છે.

ooo

છોકરો : તું ખૂબ સારૂ ગાય છે.

છોકરી: અરે ના, હું તો બાથરૂમ સિંગર છું.

છોકરો : તો બોલાવને ક્યારેક, ત્યાં જ મહેફિલ જમાવીએ.

ooo

પહેલો અધિકારી : તું સોનામાં કેમ ભરતી થયો.

બીજો અધિકારી : એટલા માટે કે મારે પત્ની નથી અને હું લડાયક મિજાજનો છું, પરંતુ તું કેમ ભરતી થયો ?

પહેલો અધિકારી : મારે પત્ની છે અને હું શાંતિ ઈચ્છું છું.

ooo

એક યુવક ગધેડા સામે પડી ગયો. એક સુંદર યુવતીએ તે જોઈને કહ્યું, "તારા મોટાભાઈના ચરણસ્પર્શ કરી રહ્યો છે ?"

યુવક બોલ્યો : હા, ભાભી

ooo

પતિ : મહિલાઓ પોતાના મગજની સરખામણીએ પોતાની સુંદરતા પર વધારે ધ્યાન કેમ આપે છે ?

પત્ની : કારણ કે પુરૂષ ભલેને ગમે તેટલો મૂરખ કેમ ન હોય. આંધળો નથી હોતો.

ooo



# ઝંભુ-ઝંભો ઝંભોટકર.

**કંઈક નરમ કંઈક ગરમ** — રેણુ વિષ્ણુકુમાર બારોટ

એક ઝંભોટકર હતા. વાસ્તવમાં એમનું નામ જમનાદાસ જયરામજી ઝંભોટકર હતં. પણ એમને આવડું લાંબુ નામ ગમતું ન હતું. તેથી લોકો ઝંભોટકર કહેતા. જો કે એ અંગે એમને કશો વાંધો નહીં.. આજે દેશમાં નામ કરતાં એમની અટકથી લોકો ઓળખાય છે. એડનવાલા.. બાટાવાલા.. ખીલીવાલા.. એમ ઝંભોટકરની આ ટાઈપની અટક હોઈ નામ પણ ઝંભોટકર થઈ ગયું હતું. ઓફિસના સાહેબે કહ્યું, આજથી ઓફિસમાં તમને જમનાદાસના બદલે ઝંભોટકર કહેશે તો વાંધો નહીં ને.. ઝંભોટકર ચાર્લી ચેપ્લીન જેવું મોં કરીને બોલ્યા, નો સર.. અને ત્યારથી ઓફિસના ઝંભોટકર બની ગયા હતા પણ રજીસ્ટરમાં નામ દાખલ વખતે કલાર્કબહેને ઝંભોટકરને બદલે જંભોટકર લખીને મોટા ઝ ને નાનો જ કરી નાખ્યો હતો. જો કે ઉચ્ચારણ એક જ હતું પણ ઝંભોટકરે એ મામલે વાંધો ઉઠાવ્યો હતો.. મારી અટક ઝંભોટકરમાં હંમેશા મોટો ઝ આવે. કલાર્ક બહેને નાનો જ લખીને મારી અટકનું સત્યાનાશ વાળ્યું છે. .જેનો મને વિરોધ છે.બોસ કલાર્ક બહેનને બોલાવીને તતડાવી નાખે.. ખખડાવી નાખતા કહે કે જો આમ જ ચાલ્યું તો શું થશે ગુજરાતીનું..?

એ દિવસે બોસે ઝંભોટકરની હાજરીમાં બહેનને ઓફિસમાં બોલાવ્યા.બહેનને લગ્નમાં જવાનું હતું તેથી બની ઠનીને આવ્યા હતા. બહેનનો દિદાર જોઈ બોસ બરફની માફક પીગળી ગયા.

બોલો બોસજી.. બહેને કહ્યું ને બોસ જાણે અતિશય પીગળી રેલો બની ગયા. પણ છતાંય બોસે ઝંભોટકરની વાત જણાવી..ઝ અને જ અંગે કહ્યું ઝ એટલે મોટો અને જ એટલે નાનો.. ઝ એટલે ઝભલાનો.. અને જ એટલે જમરૂખનો.. બહેન બનીઠની.. વાળમાં ગજરો અને પગમાં નવા સેન્ડલ પહેરીને આવ્યા હતા. એ કહે ઝંભોટકરના ઝ ને જંભોટકરના જ માં શો ફેર પડે છે ? બાકી બોસજી.. બોસજી કહ્યું ને બોસ જાણે એકી દોડે ઉંચો પર્વત ચઢી ગયા. બાકી મને મોટો ઝ લખતાં ફાવતું નથી. એ ઝ લખવા જાઉં છું તો કોઈ ડાઘીયા કુતરાના પગ જેવું થાય છે. બહેન ઓકે ઓકે તમે લખી શકો છો. બાકી ઝંભોટકર આમ લખો કે જંભોટકર શો ફેર પડે છે ? બહેને લીપસ્ટીક કરેલા લાલ ચક હોઠે એક મધુર સ્મિત આપ્યું.. આહાહા.. બોસના ભાગ્યમાં જાણે મરેલા શારજહાંએ તાજમહેલ લખી આપ્યો.. બહેન ગયાને ઝંભોટકર બગડયા.

એ કહે, બોસ આ તો ભાષાનું, જોડણીનું અક્ષરનું, ઉચ્ચારનું સત્યાનાશ છે. .ગુજરાતીના બદલે ઘુજરાતી જેવું છે. બોસ હસ્યા ઝંભોટકર અકળાઈ ગયા હતા. છતાંય કહેવા લાગ્યા.. આપનો ગુસ્સો વ્યાજબી છે પણ અત્યારે ચલાવી લો.. પછી સુધારો કરીશું.

ઝંભોટકરે જાણે પીછેહઠ કરી દેશમાં જેમ મોટા ભાગના કામોની પછીથી વિચારણા કરીશુ ં એવી બાબત આવે છે. એ વાત ટલ્લે ચડે છે. એવું જ ઝંભોટકર મામલે થયું. ઝંભોટકર સમજ્યા હતા એક આવતા મહીને સુધરશે પણ આવતા મહીનો આવતો નહીં. બહેન ઝંભોટકરને સ્થાને જંભોટકર લખતી હતી. જ્યારે બોસે અંગ્રેજકાળમાં થઈ ગયેલા એક ગર્વનર લોર્ડ જહોનશોરના જેવી તટસ્થ નીતિ અપનાવી હતી. ના બહેનને કાંઈ કહેવું ના એમાં સુધારો.

ઝંભોટકર અકળાયા હતા.

ઝંભોટકર એક દિવસ સાંજે ઘેર આવી ગયા હતા. જોડે રહેતા પડોશી સાથે ડુંગળીના ફોતરા મામલે માથાકુટ થઈ. વાસ્તવમાં પડોશણના ઘેર ભાજીપાઉંનો પ્રોગ્રામ હતો. એમાં ગયેલી ડુંગળીનું એક ફોતરૂં ઉડીને ઝંભોટકરના ઘરમાં આવ્યું.. ખાસ પડોશી સાથે ઝઘડો થઈ ગયો. પહેલા શાબ્દિક પછી હાથોહાથની લડાઈ જામી.. જેમ બે દેશો લડતા હોય અને બીજા વચ્ચે છોડાવા પડતા નથી એમ..તે લડાઈમાં વચ્ચે ન પડયું. ઝંભોટકર અકળાયા. ઘરમાં આવ્યા મારવા માટે સાધન લેવા.

રસોડામાં ગયા વેલણ લઈને મારવાનું મન થયું. પણ ના વેલણથી કોણ મારે સ્ત્રીઓ.. ધોકો શોધ્યો.. પણ ધોકાથી કોણ મારે સ્ત્રીઓને.. આખરે એમને એમનો બુટ યાદ આવ્યો. બિચારો આડો પડયો હતો. ઝંભોટકરે ઉઠાવ્યો અને છુટો પાડોશીને માર્યો.

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

# કેવા ગ્રહો શત્રુથી હાની પહોંચાડે ?




જીવનના દરેક દિવસ, સમય એક સમાન હોતો નથી. માટે જકહ્યું છે 'ન જાણ્યું જાનકીનાથે કાલે સવારે શું થશે?' પણ તે બાબતે આપણા પ્રાચીન ઋષિ મુનિઓલએ તેનું જ્ઞાન જરૂર હતું.

કેવા ગ્રહો શત્રુથી નુકશાન પહોંચતું હોય છે ?

જે જાતકની જન્મકુંડળીમાં બારમા ભાવનો સ્વામી છઠ્ઠા ભાવમાં રહ્યો હોય અને તેને શુભ ગ્રહ ન દેખતો હોય પણ પાપગ્રહ જોતો હોય તો તેવી વ્યક્તિને શત્રુઓથી નુકશાન થતું હોય છે.**દ્રષ્ટાંતકુંડળી:** અત્રે આપેલ દ્રષ્ટાંતકુંડળીમાં બારમા ભાવનો સ્વામી બુધ છઠ્ઠા ભાવમાં રહ્યો છે.તેમજ બારમા ભાવમાં શની છે જે છઠ્ઠા ભાવમાં રહેલ બુધને દેખી રહ્યો છે. જે પાપગ્રહ છે તેમજ અગ્યારમા ભાવથી મંગળ આઠમી દ્રષ્ટીથી છઠ્ઠા ભાવને દેખે છે. આમ આવી વ્યક્તિને શત્રુથી નુકશાન પહોંચતું હોય છે તેમજ આવી વ્યક્તિ શારીરિક રીતે બીમાર પણ રહેતી હોય છે. આ બંનેથી બચવા માટે બુધ અને શનિ, મંગળની વિધિ કરવાની સલાહ છે.

**-જયોતિષી બંસીલાલ હીરાલાલ લોધા**
**(મો.૯૩૭૭૪૪૦૯૦૭, રેલ્વે સ્ટેશન રોડ, ડીસા)**

# શિકાર પકડવા શરીરનો રંગ બદલતો કાચીંડો

**અજબ ગજબની દુનિયા** — કમલેશ કંસારા

ભગવાને પ્રાણીઓને અનોખી અને અજીબ પ્રકારની જીભ આપી છે જેવો પ્રાણીઓનો ખોરાક એવી એનીજીભ.કયારેક કાચીંડાને જીવતું જીવડું પકડતો જોયો ખરો ? કાચીંડા માટે સ્થિતિસ્થાપક, લાંબી અને ચીકણી જીભ તેના માટે પણ ખોરાક મેળવવાનું સાધન છે. કાચીંડાને જોતાં જ ઘરની દિવાલ પર ફરતી ગરોળી ધ્યાનમાં આવે પણ બંને જણાની જાતો એકમેક કરતાં ઘણી જ જુદી છે. કારણ કે ગરોળીની જીભ બહુ લાંબી હોતી નથી. કારણ કે એ જીવડાંનો સ્ફૂર્તિપૂર્વક પીછો કરવાને માટે દીવાલ પર સડસડાટ દોડી શકે છે. જ્યારે બીજી બાજુ ક્રીમીલીયન નામનો કાચીંડો ઝાડની ડાળ ઉપર વસનારો છે. જ્યાં તેને જીવજંતુઓની પાછળ દોડવું અને ભાગદોડ મચાવવી ફાવે નહીં એક ડાળે બેઠો હોય અને જીવડું સામી ડાળે પાંદડા ખાતું હોય ત્યારે શિકાર કરવાનું ચોક્કસ મુશ્કેલ બને છે. આથી શિકાર પાસે જવાને બદલે ખુદ શિકાર એની પાસે આવે તેની રાહ જોતો બેસી રહે છે. કમીલીયન કાચીંડો એકદમ સ્થિર અવસ્થામાં આ કાચિંડાની આંખો તદ્ન આગળ હોતી નથી પણ આપણા કાનની જેમ ડાબી જમણી બાજુ જોવા મળે છે. એની ઉપસેલી આંખોના બંને ડોળા પાછળની સાઈડમાં જુદી રીતે ફરી શકે છે. તે બંને આંખો વડે અલગ અલગ દ્રશ્ય જોઈ શકે છે. તે જમણી આંખ વડે ધારે તો ઉંચેની ડાળનું દ્રશ્ય જોઈ શકે છે. જ્યારે ડાબી આંખ વડે નીચેની ડાળનું દ્રશ્ય જોઈ શકે છે.તેની નજરમાંથી કોઈપણ જીવડું ધ્યાન બહાર જઈ શકતું નથી. એનામાં એક ખુબી હોય છે કે તે આસપાસના રંગોમાં પાંદડાના લીલા રંગમાં અથવા તો ડાબી થડના ભુખરા રંગમાં ભળી જવા માટે કમીલીયન કાચિંડો પોતાના શરીરનો રંગ પણ થોડાક અંશે બદલી શકે છે. એ જ રીતે શરીરને પોતાની મરજી પ્રમાણે દાબીને પાંદડા જેવું પાતળું કે ડાળખી જેવું લાંબુ કરવાનીયે તેનામાં કુદરતી આવડત હોય છે. કમીલીયન કાચિંડાની વિશેષતા એની જીભમાં રહેલી છે. કોઈપણ જીવડું જો નજીકમાં કયાંક પાદડા પર કે ડાળ પર જેવું બેસે કે તરત જ કમીલીયન ધીમે રહીને પોતાનું મોં ખોલે છે અને ડોકને તે જીવડાં તરફ વાળે છે અને તે તોપચીની જેમ નિશાન તાકે છે અને પછી અચાનક પોતાના ગળામાંથી સ્નાયુના જોરમાં દાબે છે અને જાણે ગળામાંથી સ્પ્રીંગ છટકી હોય તેમ મોંની અંદર વીંટળાયેલી ખાસ્સી લાંબી જીભ એક ક્ષણ માટે બહાર બીજી ક્ષણે કમીલીયનના મોંમાં પાછી ! ક્ષણને બદલે સેકન્ડની વાત કહો તો પણ આ કાચિંડાને ફકત ૧-૨૫ સેકન્ડમાં પેલા કમનસીબ જીવડાંને પોતાનો કોળીયો બનાવે છે.આ રંગબદલુ કાચિંડાની જીભની બીજી પણ બે ત્રણ ખાસીયતો જાણવા જેવી છે. એક તો એ કે એની જીભની છેવાડે ગુંદરીયો પદાર્તથ કાયમ ઝર્યા કરે છે. માટે જ્યારે જીભનો ફટકો વાગવાથી તે દુર ફેંકાવાને બદલે તેની જીભના ટેરવા સાથે ચોંટી જાય છે. બીજી ખાસીયત એ છે કે એની બાકીની જીભ કરતાં ટેરવાનો ભાગ થોડોક જાડો અને પહોળો હોય છે. એટલે એની જીભની લાંબી પહોળી સપાટી પર જીવડાનું શરીર સખત રીતે ચોંટી જાય છે. જ્યારે ત્રીજી ખાસીયત એ છે કે નાની જાતનો કમીલીયન કાચિંડો પોતે માત્ર ૭ ઈંચ લાંબો હોયછે પરંતુ એની સ્થિતિ સ્થાપક જીભ આશરે ૧૦ ઈંચ સુધી લંબાય છે. એટલે શરીરના પ્રમાણમાં એની જીભ લાંબી હોય છે. એક આશ્ચર્યની વાત એ છે કે તે જીભને લંબાવવા માટે કોઈપણ જાતનો પ્રયત્ન કરતો નથી. રબ્બરની દોરીના છેડે પાણી ભરેલો ફુગ્ગો આપમેળે લંબાય તેમ અહીં કાચિંડાની જીભને જાડુ અને વજનદાર ટેરવું પોતે રબ્બર છાપ જીભને છેવટ સુધી ખેંચે છે. પરિણામે એનાથી દુર બેઠેલ જીવડું પણ તેના સપાટામાં આવ્યા વગર રહેતું નથી. આમ કુદરતે બે આંખો વડે બે દ્રશ્ય જોતા કમીલીયન કાચિંડાને ઈશ્વરે તેના મોંમાં ૧૦ ઈંચની લાંબી જીભ આપીને ખોરાક મેળવવાનો પ્રશ્ન 'સોલ્વ' કરી દીધો છે.-**કમલેશ કંસારા**

# અસલી..નકલીના નારા કયાં સુધી ચાલશે ?

**દેખ કબીરા** — હંસામૃત વાલમીયા

કાજોલ દેવગણ એક સુપરફાસ્ટ અને અપ્રતિમ અભિનેત્રી છે જેની જાહેરાતમાં 'અમુલ દુધ પીતા હૈ ઈન્ડિયા' આ એક સમયે તેને બે મોટા ગ્લાસ કેસરવાળું દુધ અમુલ તરફથી પીવા માટે આપ્યું, ઉપરાંત વીવીઆઈપી હોટલનું સેલીબ્રીટી ભોજન પણ આપવામાં આવ્યું.. આખા ઈન્ડીયાને દુધ પીવડાવવામાં માહેર અભિનેત્રીએ કદાચ અડધો કરોડથી વધારે રકમ દુધની એડ માટે લીધેલી એવું જાણવા મળ્યું છે.

થોડા સમય પહેલાં મેં એક આર્ટીકલ કરેલો.. જેમાં અસલી પોલીસ ઉંઘતી હોય ત્યારે નકલી પોલીસના ચારેય હાથ ઘીમાં હોય છે. આપણી અસલી પોલીસ અને નકલી પોલીસ અંગે માટે એક ઠરેલ પોલીસ સાથે વાત થઈ ત્યારે તે પોલીસકર્મીએ કહ્યું , સાહેબ આવું કંઈ જ નથી માત્ર અમારી પોલીસતંત્રની મથરાવટીને કાળાશ લગાડવા લોકો આવું છાપી દે છે. તમે લોકો, આઈ મીન તમારૂં પોલીસ યુનિયન એવા માણસો ઉપર બદનક્ષીનો કેસ કેમ કરતું નથી અને ગુનાખોરી વધતી જાય છે.

વાત આગળ ચલાવીએ.. તેમાં પોલીસની વર્દી ખરેખર અસલી મળે છે, ડંડો અસલી મળે છે કેપ વિસલ બધુંય અહીં અસલી મળી રહે છે. માત્ર નથી મળતું પોલીસ આઈડેન્ટીટી કે જે તમારી સત્યતા પુરવાર કરી શકે.. પણ આ બધામાં આપણા રાજયમાં પરપ્રાંતિય લોકોની બેફામ ઘુસણખોરીએ આ અસલી નકલીના પડદા ઉંચકવા કોશીશ કરીશ એ પણ ચાર દિવસ અખબારી પાને ચમકે પછી પાંચમા દિવસે એની શાહી સુકાઈ જાય એટલે કોઈ કદી કયારેય યાદ કરતું નથી.

બે દિવસ પહેલાં સંદેશનું એક અભિયાન અસલી નકલી દુધ ઉપર ત્રાટકયું ત્યારે અને દુધ ઉત્પાદકો અને વેચનારા ભૂગર્ભમાં ઉતરી ગયા હોય એવું થયું.. બસ આ એક સરપ્રાઈઝ રેડ જેવું હતું. જેમાં દુધવાળા વધારે દુધ મેળવવા સારૂં દુધાળાં ઢોરને ઓક્સિટોસીનનાં ઈન્જેકશનો પણ આપે છે. આ એક માનવીય સ્વાર્થવૃત્તિ છે. ઈન્જેકશન આપી થોડા સમય માટે વધારે દુધ મેળવનારાઓને ખબર પણ નથી કે ઓકસીટોસીન ઈન્જેકશન માનવી અને પ્રાણી માટે કેટલું ખતરનાક છે ? છતાં આ એક મોટો વેપલો ધમધોકાર થાય છે. સરકારે આવાં ઈન્જેકશનના વેપાર ઉપર પ્રતિબંધ મુકવો જોઈએ.અસલી દુધના પ્રભાવ હેઠળ નકલી દુધ બનાવતાઓ ડીટરજન્ટ, શેમ્પુ, કેમીકલ, સોડા જેવી જીવલેણ વસ્તુઓ નાખીને દુધ બનાવવામાં માહેર છે. આપણા રાજયની અને દેશની એક પ્રતિષ્ઠીત ડેરીના અધિકારીઓએ દુધના આવરામાં આવતું નકલી દુધ શોધી કાઢયું અને એક લાખ લીટર દુધ રીજેકટ થયુ. એ હકીકત છે પણ આવું દુધ પેદા કરનારા મને વપરાશ કરનારાઓને કોઈ કડક શિક્ષાત્મક જોગવાઈ આજ સુધી થઈ નથી એ વહીવટી બખડજંતર કહી શકાય.

એસેશ્યલ કોમોડીટીઝ એકટના નિયમ મુજબ આવી નોનહાઈજેનીક પેદાશો ઉપર અધિકારી વર્ગનું નિયંત્રણ ઘણું લુલું છે. એટલે અસલી અને નકલીના આર્તનાદો ચારે તરફ સંભળાય છે. માનવજાતનું શ્રેય ઈચ્છતા તમામ માનવીઓ સામુહિક અભિયાન ઉપાડે તો ઘણું સુંદર કામ થાય તેવું છે.

**ડૉ. બી. પાટણ**
**વાડીયા (અમદાવાદ)**
**મો.૯૬૦૧૮૯૭૦૪૧**

# ટાઈગરની સાથે કૃતિ સનુન ફરી નજરે પડશે :અહેવાલ

બોલિવુડની આશાસ્પદ સ્ટાર કૃતિ સનુન ટાઈગર શ્રોફની સાથે કામ કરવાને લઈને આશાવાદી છે. કૃતિ અને ટાઈગરે એક સાથે હિરોપંતિ ફિલ્મ મારફતે બોલિવુડ કેરિયરની શરૂઆત કરી હતી. ત્યારબાદથી બન્ને ઉભરતા સ્ટારે પાછળ વળીને જોયુ નથી. જો કે બન્નેની જોડી હિરોપંતિ બાદ સાથે દેખાઈ નથી. કૃતિએ ગુરૂવારના દિવસે બાગી-૨ની ખાસ સ્કિનિંગ પ્રસંગે ટાઈગરની ભારે પ્રશંસા કરી હતી. તેનુ કહેવુ છે કે અમે એક સાથે બોલિવુડમાં આવ્યા હતા. ફિલ્મ વર્ષ ૨૦૧૪માં આવી હતી. બાગી-૩નો હિસ્સો બનવાને લઈને પુછવામાં આવતા કૃતિએ કહ્યુ હતુ કે તે આ અંગે કોઈ ટિપ્પણી કરવા માંગતી નથી. તેનુ કહેવુ છે કે આ પ્રશ્નનો જવાબ તે આપી શકે તેમ નથી. જો કો તે ચોક્કસપણે ટાઈગરની સાથે ફિલ્મમાં કામ કરવા માટે ઉત્સુક છે. તેનુ કહેવુ છે કે તે ટાઈગર પર ગર્વ અનુભવ કરે છે. તે દરેક ફિલ્મ સાથે નવી નવી ઉંચાઈ પર પહોંચી રહ્યો છે. બીજી બાજુ કૃતિ પણ સારી સારી ફિલ્મો હવે મેળવી રહી છે. તે હવે હાઉસફુલ-૪ ફિલ્મમાં નજરે પડનાર છે. તે આ ફિલ્મની ટીમ સાથે જોડાઈને ખુશ છે. આ ફિલ્મમાં તેની સાથે અક્ષય કુમાર, બોબી દેઓલ અને રિતેશ દેશમુખ છે. સાજિદ નડિયાદવાળા દ્વારા નિર્મિત આ ફિલ્મ હાઉસફુલ-૪ મારફતે તે ફરી એકવાર નિર્દેશનના ક્ષેત્રમાં એન્ટ્રી કરનાર છે. નિર્દેશક તરીકે સાજિદ બીજી ઈનિંગ્સ શરૂ કરનાર છે. આ ફિલ્મ આગામી વર્ષે દિવાળી પર રજૂ કરવાની તૈયારી ચાલી રહી છે. હાફસફુલના અગાઉના તમામ ભાગ સુપરહિટ રહ્યા છે. જેથી ફિલ્મને લઈને ચાહકોમાં ઉત્સુકતા પ્રવર્તી રહી છે. આ ફિલ્મના તમામ ભાગ કોમેડીથી ભરપુર રહ્યા છે.ટાઈગર અને કૃતિની જોડી હિરોપંતિમાં તમામને ગમી હતી.

# વિ.હિ.પ.ના અધ્યક્ષ ડૉ.પ્રવિણ તોગડીયાને હાંકી કાઢવાની થઈ રહેલી તૈયારી

**દ્રષ્ટીકોણ** — ચંદ્રશેખર ત્રિવેદી

વર્ષોથી એક જ સ્થાન પર ચીટકી રહેલા વિશ્વ હિંદુ પરિષદના આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ.પ્રવિણ તોગડીયા અને રાઘવ રેડ્ડીને રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘની ધાર્મિક પાંખે હાંકી કાઢવાની તૈયારી શરૂ કરી દીધી હોવાનું બહાર આવ્યું છે.

ઉપરોકત બંને મહારથીઓને હાંકી કાઢવાનો નિર્ણય આગામી ૧૫ એપ્રીલે ગુરૂગ્રામમાં યોજાનારી વિહીપ સંગઠનના કાર્યકારી બોર્ડની બેઠકમાં લેવામાં આવનાર છે. આવા સંજોગોમાં નવા અધ્યક્ષના નામની અટકળો ઝરણાની જેમ વહેતી થઈ ગઈ છે.

વિહીપના સૂત્રોના જણાવ્યા અનુસાર ગુરૂગ્રામમાં યોજાનારી આ બેઠકમાં નિવૃત્ત જસ્ટીસ બી.એલ.કાકજે વિહીપના નવા આંતરરાષ્ટ્રીય પ્રમુખ બને તેવી સંભાવનાને નકારી શકાય તેમ નથી.

કહેવાય છે કે કોકજે આરએસએસની પસંદ છે. આમ તો અગાઉની બેઠકમાં તેમના નામ પર મંજુરીની મહોર વાગી ગઈ હોત પરંતુ તોગડીયા અને તેમના સમર્થકોએ વિરોધ કરતાં ચૂંટણી થઈ શકી ન હતી. કાકજે હાલ ઉપાધ્યક્ષ પદ પર છે.નિવૃત્ત જસ્ટીસ બીએસ કોકજેનું પુરૂં નામ વિષ્ણુ સદાશીવ કોકજે છે. તેઓ જુલાઈ ૧૯૯૦ સુધી મધ્યપ્રદેશ હાઈકોર્ટના જજ બને એપ્રિલ-૯૪ થી સપ્ટેમ્બર ૨૦૦૧ સુધી રાજસ્થાન હાઈકોર્ટના જજ રહી ચુકયા છે.

કોકજે વાજપેયી સરકારમાં હિમાચલ પ્રદેશના ગર્વનર પદે રહી ચુકયા છે અને તેમની કામગીરી ખુબ જ વખણાઈ હતી. તેઓ ૯ મે ૨૦૦૩ થી ૧૯ જુલાઈ ૨૦૦૮ સુધી આ પદ પર હતા.કોકજે ભારત વિકાસ પરિષદના અધ્યક્ષ પણ રહી ચુકયા છે. આ ઉપરાંત તેઓ સુપ્રિમ કોર્ટમાં સીનીયર વકીલ તરીકે પણ સેવા આપી ચુકયા છે. મુળ ઈન્દોરના રહેવાસી છે.કોકજેનો જન્મ ૬ સપ્ટેમ્બર ૧૯૩૯ ના રોજ મધ્યપ્રદેશના ધાર જિલ્લામાં દાટી તાલુકાના કુકલી ગામમાં થયો હતો. ઈન્દોરથી તેમણે એલએલબીની ડીગ્રી મેળવી હતી. બાદમાં ૧૯૬૪ માં વકીલાતનો વ્યવસાય શરૂ કર્યો હતો. તેમણે ક્રિશ્ચિયન કોલેજમાંથી સોશીયોલોજી વિષય સાથે માસ્ટર ડીગ્રી મેળવી છે. ૧૯૯૮ થી તેઓ મધ્યપ્રદેશ કન્ઝયુમર કમ્પલેઈન રીહેલસ કમીશન ગ્રાહક ફરીયાદ નિવારણ મંચ ના અધ્યક્ષ પણ રહી ચુકયા છે.કાકજે કાયદા, શ્રમિક કાયદા, ઉદ્યોગ કાયદા અને બંધારણ સામે જોડાયેલા વિષયોમાં સારો એવો અનુભવ ધરાવે છે. કોકજેને વિહીપના નવા પ્રમુખપદ માટે સંઘની પણ પસંદગી હોવાનું મનાય છે. કોકજેને આ પદ પર મુકીને તોગડીયાનો પ્રભાવ ઓછો કરવાનો પણ એક હેતુ મનાય છે. તોગડીયા ખાસા સમયથી મોદી સરકાર સામે ઉગ્ર નિવેદન કરી રહ્યા છે અને મોદી સરકારની આર્થિક નીતિ રામમંદિર જેવા મુદ્દે મોદીની નીતિની ઝાટકણી કાઢી રહ્યા છે. તોગડીયા સતત એવું કહેતા ફરી રહ્યા છે કે ભાજપે રામમંદિરના નામે લોકોને છેતરવાનું કામ કર્યું છે. ખરેખર હવે તોગડીયાએ આરામ કરવાની જરૂર છે.

## વિ.હિ.પ.ની આજે મળનારી મહત્વની બેઠક

# બડત

**એનું નામ છે જીવન** — નટવર હેડાઉ

વોટસઅપ પર એક જોકસ ખુબ વાયરલ થયેલો કે કોઈ મોટામાં મોટો જયોતિષી પણ સચોટ ભવિષ્યવાણી નહીં કરી શકે કે આજ કામવાળી બાઈ આવશે નહીં ? આવશે તો કયાં સુધીમાં આવશે ? અમારી કામવાળી સીતા બાબતે એક ભવિષ્યવાણી સાચી પડતી હતી. જો તેને આવવામાં મોડું થઈ ગયું તો પછી સમજી લેવું કે હવે નહીં આવે. આજની રજા જો તમે પુછી નાખ્યું કે કાલ કેમ નહોતો આવ્યો ? આજે મોડું કેમ થયું ? ત્યારે નવાં નવાં બહાનાં 'બ્રેકીંગ ન્યુઝ' ની જેમ ફ્લેશ થવા લાગે છે.

આજ સામેવાળી પાડોશણ સાથે ઝગડો થઈ ગયેલો એટલે..

અચાનક બનેવી આવી ગયેલો તેથી..

કાલે બેન મોટાની નાનકી માંદી પડી ગયેલી પછી કઈ રીતે આવું ?

અરે ! જાણ તો કરવી હતી કે નહીં આવી શકું..

અહીં મરવાનો ય વખત કયાં હતો કે જાણ કરૂં ?

તેની ભાષા પણ એવી કયારેક તળપદી ગામડાની ભાષામાં બોલે. ઘણા શબ્દોના અર્થ શોધવા પડે. રોજ એવાં એવાં બહાનાં કાઢે કે સાંભળનાર નવો હોય તો કરૂણા જાગી જાય. અમે તો રોજ રોજ તેનાં રોદણાં સાંભળીને રીઢાં થઈ ગયાં હતા. તેથી તેની વ્યથા કથા માથા ઉપરથી નીકળી જતી પરંતુ આજે ધ્યાન દેવું પડયું. એક તો તેના ડાબા હાથે પાટો બાંધેલો હતો. બીજું રડમસ ચહેરો અને આંખમાં આંસુ હતા. આજ કોઈ બ્રેકીંગ ન્યુઝ ફ્લેશ ન થયા એટલે પહેલ કરવી પડી.

શું થયુ ં સીતા ? કઈ વાગી ગયું છે કે શું ?

એટલું પુછયું ત્યાં તો દારૂણ દુ:ખનો પ્રવાહ જાણે બંધ તોડીને વહેવા લાગ્યો. આંખો અને મોંઢાથી પણ..

બેન મારી સાથે જે થયું છે એ તો કોઈ દુશ્મનને પણ ન થજો..

મારો ગર્વ મુકાઈ ગયો અને તે પોતાની વાત પુરી કરે તે પહેલાં હિબકાં ભરી ભરી રડવાં લાગ્યો. તેના રડવાનો અવાજ સાંભળી આજુબાજુવાળા પણ દોડી આવ્યા કે નક્કી કંઈક થયું છે ?

તેને જેમ તેમ કરી છાનો રાખો.. ચ્હાની સાથે બે ત્રણ થેપલાં આપ્યા. થેપલા ખાતાં ખાતાં એ બોલ્યો, બેન ભગવાન તમારૂં ભલું કરે મરતાં તમે બચાવી લીધી.. ગઈ કાલથી અનાજનો દાણો ય પેટમાં ગયો નથી.. હવે મારી જીજ્ઞાસા વધી ગઈ.. હું ઘરની સાફ સફાઈ, કચરો પોતાં બધું ભુલી ગઈ. એવું તે શું થયું કે કાલનું કંઈ ખાધું નથી. હું ખરેખર શું બન્યું તે વાત કઢાવવા માગતી હતી.ત્યાં તો ડોરબેલ વાગી.. જોયું તો સીમાનો નાનો છોકરો હતો. 'સીતાબા અહીં આવ્યા છે ? કાલ સાંજના ઘેરથી નીકળી ગયાં છે. કોણ જાણે કયાં ગયા ? બોલતાં બોલતાં તેની નજર સીતાના ચંપલ પર પડતાં ખુશ થઈ ગયો. અરે એમનાં ચંપલ તો આ રહ્યા... દિકરાને જોઈ સીતા બારણે આવી ગઈ. તેણે તેને સમજાવીને રવાના કર્યો કે સાંજ સુધીમાં ઘેર આવી જશે.

તું આખી રાત કયાં હતી ? હવે મારી જીજ્ઞાસા વધી ગઈ હતી.

બીજે કયાં જાઉં જેઠાણીને ઘેર સુઈ ગયેલી. પછી એકદમ ચમકી ગયા બેન તમારો ઉપરવાળો રૂમ તો ખાલી જ છે ને. તમે કહેતાં હો તો તેમાં રહું જમીન પર સુઈ જઈશ..

આ સાંભળી મને નવાઈ લાગી. મારી દયા પીગળવા લાગી. કયાંક ખરેખર રહેવા આવી જશે તો આખી સોસાયટીમાં વાતો થશે.

કેમ એવું તે શું થયું છે એવું તે શું આભ ફાટી પડયું છે કે નીરાધાર થઈ ગયા હોય એવી વાત કરે છે ? ઘરનો વહીવટ તો તારા હાથમાં જ છે. તારો ઘરવાળો ભગતને દિકરો તારે જ આશરે છે.

બેન મારે આશરે કોઈ નથી. બધા પોતાના મનના માલિક છે. ધણીને કંઈ કરવું નથી બસ હુકમ ચલાવવો છે. ઘણા વખત પહેલાં બિમાર પડેલ, બચવાની આશા નહોતી ત્યારે મેં રાત દિવસ સેવા કરી

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

## શિહોરી ખાતે...

અનુસંધાન ૩ નુ ચાલુ..

શિહોરી તેમજ આજુબાજુના ગામડાઓમાંથી તમામ જ્ઞાતિના દર્દીઓ પધારનાર હોઈ તેમના માટે લોહાણા મહાજનવાડી ખાતે બેઠક વ્યવસ્થા તેમજ પીવાના પાણીની પણ વ્યવસ્થા કરાનાર છે. થરા ખાતે દર્દીઓને રોગમાં વધારે રાહત થતાં આગામી શિયાળામાં બીજી વખત કેમ્પ કરવાનું વિચારણા હેઠળ છે. શિહોરી પછી પાટણ, દિયોદર, ધાનેરા, ખીમાણા, પાલનપુર, પાંથાવાડા, દાંતીવાડા ખાતે પણ કેમ્પોનું આયોજન થનાર છે. તેમાં ભગવાનભાઈ બંધુએ એક અખબારી યાદીમાં જણાવેલ છે.

## થરા બહુચરાજી...

અનુસંધાન ૩ નુ ચાલુ..

અને આશિર્વચન સાંજે ૭-૦૦ કલાકે શોભાયાત્રાનું સમાપન થશે સંતોના આશિર્વાદ શ્રી ચામુંડા માતાજીના દર્શન કરી રાત્રે ૮-૦૦ કલાકે ભોજન પ્રસાદ લઈ લેશે. ભોજન પ્રસાદના દાતા પાદર ગ્રા.પં.સરપંચ સવરામભાઈ જોષી તથા વિવિધ ચડાવાનો લાભ સમાજના ઉત્સાહી ભાઈ - બહેનોએ લીધો હતો. આ શોભાયાત્રાની શોભા વધારવામાં અબાલ વૃધ્ધ સૌ કોઈ તન-મન ધનથી કાર્ય કરી રહ્યા છે. તા.૧૮/૪/૧૮ ના બપોરે ૨-૦૦ વાગે શ્રી બહુચરાજી મંદિર થરા - જુના ગામ તળથી શોભાયાત્રાનો શુભારંથ થશે એમ શ્રી મહર્ષિ ચાણક્ય યુવક મંડળ થરા વતી ગોપાલભાઈ જે.જોષીએ જણાવ્યું હતું.

## કાંકરેજ તાલુકાના...

અનુસંધાન ૩ નુ ચાલુ..

રાત્રીના આઠ વાગ્યાથી અગિયાર બાર વાગ્યાના સમય સુધી ભૂખ્યા રહી આકોલી દરબાર ગઢમાં સ્વચ્છતા .સામાજિક કુરિવાજો, વ્યસન મુક્તિ અને માનવ ધર્મનો પ્રચાર પ્રસાર કરનાર પોપટલાલ નાયક, નારણભાઈ નાયક, મહેન્દ્ર નાયક, શબાભાઈ નાયક, જીતુ નાયક, શાંતિલાલ નાયક અને ટીમ પ્રાંતિજ ના મૌસા થી કાંકરેજ ના આકોલી ગામે એમના વડવાઓથી પાનસો દસ વરસથી આવી ભવાઈ કરી માતાજીનો ગરબો કરી પોતાના કુટુંબનું ભરણ પોષણ કરેસે ત્યારે અત્યારના સમય સંજોગો પ્રમાણે લોક શાહીમા આવા ગરીબ પરિવારના જીવનના નિર્વાહ માટે કોઈ ઠોસ પગલાં ભરી આવા નાયક હિન્દુ તરગાળા માટે ખાસ પેકેજની વ્યવસ્થા કરવામા આવે એવું મીડિયા સાથેની વાતચીતમા પોપટલાલ નાયકે જણાવ્યું હતું. આમ આકોલી ગામે ભારત દેશની પરમ્પરાઓંની એક ઝલક ગુજરાત કી શાન રાજપૂત સમાજ ની જોવા મળી હતી. હજારો વર્ષથી ચાલતી આ પરમ પરા અને જન જાગ્રુતિનું એક અંગ ગણાતા આવા તરગાળા નાયક તરીકે આગવી ઓળખ ધરાવે છે.

## અંબાજીમાં ડો. બાબા...

અનુસંધાન ૩ નુ ચાલુ..

દ્વારા એક સાથે ઉજવવામાં આવી હતી. જોકે આ કાર્યક્રમ માં ડૉ.આંબેડકર ની પ્રતિમા ને માત્ર દલીતો જ નહી પણ સ્વર્ણ જ્ઞાતી નાં લોકોએ પણ પુષ્પાજંલી કરી હતી. અને ઉપસ્થીત રહેલાં લોકો નાં પણ સાલ ઓઢાડી સન્માનીત કર્યા હતા. આ પ્રસંગે દલીત સમાજ નાં અગ્રણીઓએ સૌ પ્રથમ વખત અંબાજી ખાતે આ જન્મજયંતી ઉજવી ભારે ખુશી વ્યક્ત કરી હતી. જણાવ્યુ હતુ કે બાબા સાહેબ આંબેડકર એ ભારત રત્ન હથા તેથી કોઇ એક પાર્ટી નાં કે એક સમાજ નાં નેતા નથી. પણ તેમને તમામ સમાજ નાં ઘડવૈયા ગણાવી કોઇ એક વ્યક્તી તેમનાં નામથી રાજકારણ કરી શકે નહી. આ કાર્યક્રમ માં અંબાજી ના સરપંચ રામઅવતાર અગ્રવાલ,ભાજપા ના બકુલેશ શુકલ, મુળચંદભાઈ અગ્રવાલ, સુનિલ બ્રહ્મભટ્ટ, ચાંદમલજી જૈન, હેમાજી વણજારા, કિશોરભાઈ અગ્રવાલ,વિગેરે લોકોઉપસ્થીત રહ્યા હતા. આ કાર્યક્રમ નુ સંચાલન રમેશ સિસોદીયા, ઈશ્રવરભાઈ, નટવરભાઈ પરમાર (પટેલ) અમથાભાઈ, રામજીભાઈ વિગેરેએ કર્યુ હતુ.

## વાડીયાની મહિલાઓના...

અનુસંધાન ૩ નુ ચાલુ..

આ સમાજસેવિકા મહિલાનું શારદાબેન ભાટીનું તાજેતરમાં ઈનરવ્હીલ કલબ પાલનપુર સીટી દ્વારા તેમની સમાજસેવાની કામગીરીને બિરદાવીને સન્માનપત્ર અને શબ્દપુષ્પો સ્વરૂપે સન્માન કરવામાં આવ્યું હતું.કલબના પ્રમુખ નિલુબેન શાહ અને મંત્રી પ્રિયંકાબેન અગ્રવાલે સમાજસેવિકાના કાર્યોની સરાહના કરતાં આ પરિવારોની મહિલાઓ તેમના પરંપરાગત દેહવ્યાપારના વ્યવસાયમાં ન જોડાય તે માટે તેમને સાચી દિશાનું માર્ગદર્શન ઉપરાંત તેમના શિક્ષણ અને આરોગ્ય તથા તેમનાં પુનર્વસવાટ માટે લગ્ન કરાવી સમાજસેવાની ઉત્તમ અને ઉમદા કામગીરીને બિરદાવી હતી. સાથે સાથે એક મહિલા દ્વારા અન્ય મહિલાઓના ઉત્થાન માટે કરાઈ રહેલાં લોકોપયોગી કાર્યો અને સામાજીક સેવાઓથી કલબ પણ ગૌરવ અનુભવતી હોવાનું જણાવી હર્ષની લાગણી સાથે સમાજસેવાની નિરંતર પ્રવૃતીના અભિનંદન અને શુભેચ્છાઓ સાથે તેમના સહકારની પણ જરૂર હોયતો મદદરૂપ થવાની તત્પરતા પણ દર્શાવી હતી.

## બહુચરાજીમાં...

પાના નં .૮ ચાલુ

જ્યારે નોટીસનો ભોગ બનનાર વ્યપારીઓએ હાલની ગ્રામ પંચાયતના દબાણ રજીસ્ટર ઉપર મુખ્ય બજારના આશરે ૪૦૬ દબાણદારો સામે પણ જરૂરી કાર્યવાહી કરવા ગ્રામ પંચાયત સમક્ષ માંગણી કરી છે. નજીકના દિવસોમાં બહુચરાજીનું રાજકારણ ગરમાવાની સાથે ભુતકાળની જેમ ફરી એકવાર દબાણ દુર કરવાના પ્રશ્ન ઉપર ટાઢુ પાણી ઢોળી દેવામાં આવશે તેમ નાગરીકો માની રહ્યા છે.

બહચુરાજીના સ્થાનીક નાગરિક પરમાર ધીરજકુમાર વેરશીભાઈ નીચલી / ઉપલી બજાર વચ્ચે એક ગલીમાં રહે છે. અને તેમના રસ્તાની વચ્ચે ગામઠામવાળી જગ્યામાં ભાડાની દુકાનનું બાંધકામ કરી રસ્તો બંધ કરી દેવામાં આવેલ છે. જે દબાણ દુર કરવા પરમાર ધીરજકુમારે સ્થાનીક ગ્રામ પંચાયત અને તાલુકા/ જિલ્લાના વહીવટી તંત્ર સમક્ષ લેખીત માગણી કરવા છતાં કોઈ ઉકેલ ન મળતાં આ દબાણ દુર ન કરવામાં આવે તો આત્મવિલોપન' કરવાની ચીમકી આપતાં તંત્ર હરક્તમાં આવી ગયુ છે. અને આ દબાણ સહીત આશરે ૬૦ જેટલા દબાણો દિન ૩૦ માં દુર કરવા સ્થાનિક ગ્રામ પંચાયતે નોટીસ ફટકારતાં વ્યાપારીઓમાં ફફળાટ ફેલાઈ ગયો છે.

જે દબાણદારોને નોટીસ મળી છે. તે પૈકીના એક દબાણદારે નામ નહી આપવાની શરતે જણાવ્યું હતું કે બહુચરાજીમાં ઉપલી / નીચલી બજાર સહિત મંદીર તરફ જવાના રસ્તા ઉપર બાંધલીયા તળાવના કાંઠે આશરે ૪૦૬ જેટલા દબાણદારો નોંધાયેલા છે. અને તે દબાણ દુર કરવા વારંવાર કાર્યવાહી શરૂ કર્યા બાદ રાજકીય દબાણ નીચે દબાણનો પ્રશ્ન આજે પણ જૈસેથે છે. તો દબાણ રજીસ્ટરમાં ચાલતા તમામ કાચા અને પાકા ગેરકાયદેસર દબાણો એક સાથે તોડી પાડવાની કાર્યવાહીમાં વિરોધાભાસ જણાઈ આવે છે. જેથી ભવિષ્યમાં દબાણના પ્રશ્ને જરૂરી કાર્યવાહી થાય છે. કે કેમ તે જોવું રહ્યું.

## પાલનપુર...

પાના નં .૮ ચાલુ

અને પાલનપુર નગરપાલિકા પ્રમુખ નિલમબેન જાની સહિતના ભાજપી અગ્રણીઓ આવી પહોંચ્યા હતા. જેઓએ ડો. આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પી હતી. આ પ્રસંગે દલિત સમાજ દ્વારા ભીમ રથયાત્રા યોજવામાં આવી હતી. જ્યારે કૉંગ્રેસ દ્વારા પણ પદયાત્રા યોજી ડો.આંબેડકરજી ની પ્રતિમાને પુષ્પાંજલિ આપવામાં આવી હતી. આ ઉપરાંત ડો. આંબેડકર જયંતિ નિમિત્તે વિવિધ કાર્યક્રમ યોજી ડો.આંબેડકરજીને ભાવભીના શ્રદ્ધાસુમન અર્પણ કરવાની સાથે ઉત્સાહભેર ઉજવણી કરાઈ હતી.

## આકેસણની...

પાના નં .૮ ચાલુ

કરતા વિદ્યાર્થીઓને કોઈ કોઈ વાર શાળામાં પાણી પૂરું થઈ જતાં પીવાલાયક પાણી ન મળતાં તરસ છુપાવ્યા વિના જ શિક્ષણ મેળવવું પડી રહ્યું છે. કેટલાક વર્ષ પહેલા શાળા આગળથી વેડંચા ગામની ધરોઇની પાઇપલાઇન જતી હતી. જેમાંથી શાળાને પાણી પૂરું પાડવામાં આવી રહ્યું હતું. પરંતુ વેડંચા ગામમાં ધરોઈનું પાણી બંધ થતાં પ્રાથમિક શાળાને પણ પાણી મળતું બંધ થઈ જવા પામ્યું છે. જ્યારે છેલ્લા કેટલાક વર્ષોથી શાળાના વિદ્યાર્થીઓને શાળાની બાજુમાં આવેલા ખેતરમાંથી લાઇટ હોય તેવા સમયે ખેતરના માલિક દ્વારા પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે. ત્યારે કોઈ સમયે લાઇટ ન હોવાથી શાળાના વિદ્યાર્થીઓ એ પીવાના પાણી માટે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. જ્યારે પીવાના પાણીની સાથે સાથે શાળામાં શૌચાલય પણ ન હોવાથી શાળામાં ભણતા ૩૧ વિદ્યાર્થીઓ અને ૩૧ વિદ્યાર્થિનીઓને શાળાના બાજુમાં આવેલા ખુલ્લા વગડામાં શૌચક્રિયા માટે જવું પડી રહ્યું છે. જ્યારે શાળાના વિદ્યાર્થીઓ દ્વારા જણાવ્યું હતું કે ખુલ્લા વગડામાં શૌચ ક્રિયા કરતી વખતે કોઈ કોઈ વાર ઝેરી જીવ જંતુઓ નિકળી જતાં વિદ્યાર્થીઓ ભયના ઓથાર તળે ભણી રહ્યા છે. આમ, ભાર વગરના ભણતરની વાત કરતી સરકારમાં ભય સાથે શિક્ષણ મેળવવા મજબૂર બની રહ્યા છે. છતાં તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે. જે ગુણવત્તાલક્ષી શિક્ષણ આપવાની ગુલબાંગો પોકારનારી રાજ્ય સરકાર સામે કડવી વાસવિકતાનું બયાન કરી રહી છે.

## થરાદ શહેર...

પાના નં .૮ ચાલુ

જે.કે.દેવડા ખજાનચી, ધર્મેન્દ્રભાઈ ઠક્કર મજદુર મહાજનના ગુજરાતના ઉપપ્રમુખ જવાનસિંહ રાજપૂત ઉપપ્રમુખ, બકુભા દરબાર, કાલેખાન સિંધી, તલુભા વાઘેલા સહિત અનેક ગણમાન્ય મહાનુભાવો હાજર રહ્યા હતા. બહોળી સંખ્યામાં એસ.ટી. ના ડ્રાઈવર-કંડકટર મિત્રોએ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ કાર્યક્રમનું સંચાલન પ્રવિણભાઈ પુનડીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

# અમદાવાદ શહેરમાં ગરમીનું પ્રમાણ વધ્યું : પારો ૪૧ થયો

અમદાવાદ

અમદાવાદ સહિત ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ગરમીના પ્રમાણમાં હવે ફરી એકવાર વધારો થઈ રહ્યો છે. આગામી બે-ત્રણ દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં હજુ પણ ૧-૨ ડિગ્રીનો વધારો થઈ શકે છે. આનો મતલબ એ થયો કે સામાન્ય લોકોને હાલમાં ગરમીથી કોઈપણ પ્રકારની રાહત મળશે નહીં. તંત્ર દ્વારા સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. ગરમીમાં પ્રમાણમાં તાપમાનમાં વધારાની સાથે વધારો થઈ રહ્યો છે. આજે અમદાવાદ પારો ૪૧ ડિગ્રી સુધી પહોચ્યો હતો. રાજ્યમાં સૌથી વધારે ગરમીનો અનુભવ અમદાવાદમાં થયો હતો. અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૧ સુધી પહોચ્યો હતો. પાટનગર ગાંધીનગરમાં પારો ૪૧ સુધી રહ્યો હતો. અમરેલીમાં પણ પારો ૪૧ સુધી રહ્યો હતો. રાજ્યના અનેક ભાગોમાં ગરમીના પ્રમાણમાં ઉતારચઢાવની સ્થિતિ જોવા મળી રહી છે. રાજ્યમાં અમરેલી અને સુરેન્દ્રનગરમાં પારો ક્રમશ ૪૧ અને ૪૦.૮ રહ્યો હતો. હવામાન વિભાગ દ્વારા ઉંચા તાપમાનને લઈને કોઇ ચેતવણી જારી કરવામાં ન આવતા તંત્રે રાહતનો દમ લીધો છે. વધતી ગરમી વચ્ચે સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં અમદાવાદ શહેરમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગના કેસો નોંધાઈ રહ્યા છે. પાણીજન્ય રોગના કેસોની વાત કરવામાં આવે તો એપ્રિલ મહિનાના માત્ર ૭ દિવસના ગાળામાં જ ઝાડા ઉલ્ટીના ૨૪૫, કમળાના ૫૩, ટાઈફોઇડના ૭૨ કેસ સપાટી ઉપર આવ્યા છે. એપ્રિલ ૨૦૧૭માં ઝાડા ઉલ્ટીના ૬૧૮ કેસ સપાટી ઉપર આવ્યા હતા. આ મહિનાની શરૂઆત થઇ છે ત્યારે ઝાડા ઉલ્ટીના કેસોમાં ઝડપથી વધારો થઇ રહ્યો છે. મચ્છરજન્ય કેસોની વાત કરવામાં આવે તો એપ્રિલ મહિનાના ૭ દિવસના ગાળામાં જ સાદા મેલેરિયાના ૫૨ કેસ સપાટી ઉપર આવ્યા છે. ઝેરી મેલેરિયાના ૩ કેસો નોંધાયા છે. જ્યારે ડેન્ગ્યુના ૨ મામલા સપાટી ઉપર આવ્યા છે. જ્યારે ચિકનગુનિયાના કોઇ કેસ નોંધાયા નથી. ગરમીના પ્રમાણમાં હાલમાં સતત ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે. આગામી બે ત્રણ દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં બે-ત્રણ ડિગ્રી સુધીનો વધારો થઇ શકે છે. આવી સ્થિતિમાં લોકોને વધુ ગરમીનો અનુભવનો સામનો કરવો પડી શકે છે. હાલમાં વધતા તાપમાની વચ્ચે પાણીથી ફેલાતી બિમારીના કેસોમાં વધારો થઈ રહ્યો છે. મ્યુનિસિપલ તંત્ર દ્વારા હિટવેવને લઈને પગલા લેવામાં આવી રહ્યા છે.

# કોમનવેલ્થ ગેમ્સ : ૨૫ મીટર એર પિસ્ટલ સ્પર્ધામાં હીના સિદ્ધુએ ગોલ્ડ મેડલ જીત્યો

કોમનવેલ્થ ગેમ્સ ૨૦૧૮માં ભારત માટે વધુ એક સારા સમાચાર આવ્યા છે. ૨૫ મીટર એર પિસ્ટલ સ્પર્ધામાં ભારતની શૂટર હીના સિદ્ધુએ ભારતને ગોલ્ડ મેડલ અપાવ્યો છે. આ સાથે જ ભારતના કુલ ગોલ્ડ મેડલની સંખ્યા ૧૧ થઈ ગઈ છે. કોમનલેલ્થ ગેમ્સમાં અત્યાર સુધીમાં ભારતે કુલ ૧૧ ગોલ્ડ, ૪ સિલ્વર અને ૫ બ્રોન્ઝ મેડલ સાથે કુલ ૨૦ મેડલ જીત્યા છે અને મેડલ ટેલીમાં ભારત ત્રીજા સ્થાને છે.૧૦૯ મેડલ સાથે ઓસ્ટ્રેલિયા મેડલ ટેલીમાં પહેલા નંબરે છે. ઓસ્ટ્રેલિયાએ ૪૧ ગોલ્ડ, ૩૪ સિલ્વર અને ૩૪ બ્રોન્ઝ મેડલ જીત્યા છે. મેડલ ટેલીમાં બીજા નંબરે ઈંગ્લેન્ડ છે. તેણે ૨૩ ગોલ્ડ, ૨૬ સિલ્વર અને ૨૦ બ્રોન્ઝ મેડલ સાથે કુલ ૬૯ મેડલ જીત્યા છે.

આ પહેલા હીના સિદ્ધુએ મહિલાઓની ૧૦ મીટર એર પિસ્ટલ સ્પર્ધામાં સિલ્વર મેડલ જીત્યો હતો. વર્તમાન કોમનવેલ્થ ગેમ્સમાં શૂટિંગ સ્પર્ધામાં ભારતના ખાતામાં કુલ ત્રણ ગોલ્ડ મેડલ આવ્યા છે. હીના સિદ્ધુ પહેલા મનુ ભાકેર અને જીતુ રાય પણ ગોલ્ડ મેડલ જીતી ચુક્યા છે. શૂટિંગ વિભાગમાં ભારતે ૩ ગોલ્ડ, ૨ સિલ્વર અને ૩ બ્રોન્ઝ સાથે કુલ ૮ પદક મેળવ્યા છે.

# ડેવિસ કપમાં ૪૩મી જીત સાથે લીએન્ડર પેસે રેકોર્ડ સર્જ્યો

ભારતને દિગ્ગજ ટેનિસ ખેલાડી લિએન્ડર પેસ ડેવિસ કપના ઈતિહાસમાં ડબલ્સનો સૌથી સફળ ખેલાડી બની ગયો છે. રોહન બોપન્નાની સાથે મળીને ડેવિસ કપની ટૂર્નામેન્ટમાં ૪૩મી જીત પ્રાપ્ત કરી છે. ભારતને ચીનની વિરુદ્ધ એશિયા-ઓસિયાના મુકાબલામાં વાપસી પણ કરાવી છે.

એઆઈટીએની કડકાઈને કારણે ૪૪ વર્ષીય લિએન્ડર પેસ અને બોપન્ના ડબલ્સમાં એકસાથે રમવા માટે સંમત થયા હતા. આ બંનેએ કરો યા મરોના રસ્સાકસી ભરેલા મુકાબલામાં ચીનના ખેલાડીઓ ઝિન ગોંગ અને ઝી ઝાંગની ચીની જોડીને ત્રણ સેટમાં પાંચ વિરુદ્ધ સાત, સાત વિરુદ્ધ છ અને સાત વિરુદ્ધ છથી હાર આપી હતી. રામકુમાર રામનાથન અને સુમિત નાગલ બંને શુક્રવારે સિંગલ્સના મુકાબલામાં હારવાને કારણે ભારત શૂન્ય વિરુદ્ધ બેથી પાછળ ચાલી રહ્યું હતું.. તેને પોતાની આશા જીવંત રાખવા માટે ડબલ્સમાં કોઈપણ સંજોગોમાં જીત નોંધાવવાની હતી. વિશ્વ ગ્રુપ પ્લેઓફમાં સ્થાન મેળવવા માટે ભારતીય યુવા એકલ ખેલાડીઓને હવે સિંગલ્સની બંને મેચ જીતવાની રહેશે.

ડેવિસ કપમાં ગત ઘણાં વર્ષોથી ભારતની જીતના નાયક રહેલા લિએન્ડર પેસ લાંબા સમયથી ઈટાલીના નિકોલા પીટરા-જલીની સાથે ૪૨મી જીતની બરાબરી પર હતો. પંરતુ આખરે પેસે ઈટાલીના ખેલાડીના રેકોર્ડને તોડયો છે. મહત્વપૂર્ણ છે કે લિએન્ડર પેસે ૧૬ વર્ષની વયે ૧૯૯૦માં જિશાન અલી સાથે ડેવિસ કપમાં પ્રવેશ કર્યો હતો. હવે જિશાન અલી ટીમના કોચ છે.

બાદમાં પેસે મહેશ ભૂપતિ સાથે સફળ જોડી બનાવી અને હવે ટીમનો કેપ્ટન છે.

## કંઈક નરમ ગરમ

અનુસંધાન પાના નં.૫ નું ચાલું

પાડોશી એકદમ સતર્ક હતો. એ ઝંભોટકરની આદતથી વાકેફ હતો. આ અગાઉ એક વાર ઝઘડો થતાં કહ્યું હતું ..જા.. જા.. હવે ઝંભુ અને ગુસ્સામાં આવી ઝંભોટકરે છુટફી છત્રી મારી હતી. છુટેલી છત્રી વરસાદના પાણીથી ભરાયેલી કુંડીમાં પડી હતી.

ફરી એ જ પાડોશીને છુટો બુટ માર્યો.પાડોશીએ ઘા ખાલી જવા દીધો પણ છુટેલો બુટ થાંભલા નીચે ઉભેલા કુતરાની પીઠ પર વાગ્યો. કારણ વગર માર ? અને પછી એ કુતરો બુટ લઈને ભાગ્યો. પળવારમાં તો કુતરો ન જાણે બુટ લઈને કયાં ફટાશ થઈ ગયો.જોકે બુટ લેવા ઝંભોટકર દોડયા.. એમની દોડમાં મોટું પેટ આવશે ધક હતું પણ શું થાય ? બુટનો સવાલ હતો.

બીજી તરફ રાત પડી પણ ન કુતરાની ભાળ મળી ના બુટ હાથમાં આવ્યો, સમસ્યા થઈ.

બીજા દિવસે ઝંભોટકર બુટને બદલે સ્લીપર પહેરીને ઓફિસમાં ગયા. બહાર ટેબલ પર બેઠેલા પટાવાળાની નજર ગઈ.. હવે એ પટાવાળાને લોકોના બુટ ચંપલ ભણી જોવાની ખાસ કુટેવ હતી. એણે એની આદત મુજબ ઝંભોટકરના પગ સામે જોયું. .અરે બુટને બદલે સ્લીપર ઝંભુના પગમાં આજે સ્લીપર ! પટાવાળો ઘણી વાર ઝંભોટકરને ઝંભુ કહી દેતાં.. વળી ગઈકાલે બુટ કુતરો લઈ ગયો હોઈ ઝંભોટકરને સ્લીપર પહેરવાની ફરજ જાણે પડી હતી. શું થાય ?

પટાવાળાએ અંદર જઈને નિયમ તોડયાની વાત કરી એ ઓફિસમાં નિયમ હતો કે પુરૂષો બુટ પહેરીને જ આવે. બોસે ઝંભોટકરને બોલાવ્યા, નિયમ તોડયા વિશે કહ્યું આ તરફ ઝંભોટકરે વાત કરી પણ સ્ટાફ એ વાત માનવા તૈયાર ન હતો.

આખરે ઝંભોટકરે અઢીસો રૂપિયાના દાળવડા દંડના ભાગ રૂપે ખવડાવવા પડયા.

**રેણુબેન વિષ્ણુભાઈ બારોટ (અમદાવાદ)**

**મો.નં.૯૮૨૪૨૩૪૬૬૮**

## એનું નામ છે જીવન

અનુસંધાન પાન ૫ નું ચાલુ.

તેનો જીવ બચાવેલો. બધું ભુલાઈ ગયું. છોકરાને પણ પાંખો આવી ગઈ છે. બાકી રહી મારી નીરૂ..માંડ ચૌદ વરસની થઈ છે. બાપને એનો સોદો કરવો છે.. આથમણી બાજુનો કોઈ રૂપિયાવાળો આધેડ છે. બૈરાં વન્યા રહેવાતું નથી કુંવારી કન્યા જોઈએ છીએ.બાપ દિકરી થોડા દિવસ પહેલાં ભઠ્ઠા પર કામ કરવા ગયેલા ત્યાં એક દલાલ સાથે દોસ્તી થઈ ગયેલી. બે દિવસ પહેલાં પુછતો પુછતો ઘેર આવી ગયો.નીરૂને જોઈને કહેવા લાગ્યો, નાનકીના લગ્નની ચિંતા ન કરતા. ખાતા પીતાં ઘરમાં લગ્ન કરાવી આપીશ.. આલવા મેલવાનું કંઈ નહીં.. છોકરો પૈસાવાળો છે.. તે બીજા પચ્ચીસ હજાર આપશે. તમારા છોકરાને પણ કામે રાખી લેશે. બાપ દિકરો એ સાંભળી રાજી થઈ ગયા પણ બેન હું તો સમજી ગઈ કે દિકરીને વેચવાનો સોદો થઈ રહ્યો છે. મેં તો એ સોદો કરવા આવનારને ખુબ ભાંડયો પણ એ તો બિલકુલ બેશરમ ફરી આવીશ એમ કહી જતો રહ્યો.

પછી શું થયું ?

પછી બંને મારી પર ટુટી પડયા. બનતી વાત મેં બગાડી નાખી. છોકરો એમ સમજે છે કે તેના મોંએ આવેલ કોળીયો મેં ઝુંટવી લીધો, ધણીને લાગ્યું કે ખર્ચા પાણીનો હિસાબ ખોરવી નાખ્યો. પણ મેં તો તેમને ચોખ્ખે ચોખ્ખું કહી દીધું કે દિકરીનો સોદો કરવા નહીં દઉં.. પછી તો ધણી વિફર્યો, ગડદાપાટુ મારી મને અધમુઈ કરી નાખી. ત્રણે છોકરાને વહુઓ તમાશો જોતા રહ્યા કોઈ છોડાવવા વચ્ચે ન પડયું અને હું.. કહેતાં હિબકાં ભરી જોરજોરથી એ રડવા લાગી.

પછી જરા અટકી તેણે વાત આગળ વધારી તમારે ત્યાં કચરા પોતાં ન કરૂં તો એ બધાં ભુખે જ મરી જાય. એ બધા મારા આશરે છે, છતાં મારે આશરે નથી કાલે મેં ખાધું નહીં તો કોઈ પુછવા ન આવ્યું. હા નીરૂ મારી પાસે આવીને રોવા લાગેલી.. સાંજે ઘેર ના ગઈ એટલે એમને ચિંતા થઈ. રોટલાના સાંસા થઈ જાયને.. બોલતાં બોલતાં તે એકદમ કઠોર થઈ ગઈ.

બેન નીરૂને વેચવા નહીં દઉં.. આ લોકો નહીં માને તો પોલીસ પાસે જઈશ.. પછી એકદમ ઢીલી પડી જતાં બોલી, વેચાઉ છોકરીનું દુ:ખ મરદને કયાંથી સમજાય ? ચાર આંટા ફર્યા છતાં તેને પત્નીનો દરજ્જો નથી મળતો. તેની કોઈ ઈજ્જત આબરૂ નહસં તેને ખરીદેલી નોકરાણી જ સમજે..

બેન તમને થતું હશે કે સીતાને આ બધું કયાંથી ખબર ? મને પણ આ ઘરમાં ખરીદીને જ લાવ્યા છે.. તેનું હૈયું ભરાઈ આવ્યું હતું. .હીબકાં સાથે આંસુ રોકાતાં ન હતા. તેના આ દુ:ખદ ભુતકાળનો મને કોઈ અંદાજ નહોતો. રહી રહીને થોડું થોડું એ કહેવા લાગી. હું કાઠીયાવાડના એક ગામની માબાપ વગરની દિકરી. કાકા કાકીએ અમદાવાદના એક દલાલને વેચ મારી. મારાજાની ૨૦ વરસ મોટા મરદના પનારે પડી. સાસુ, નણંદ, નણદોઈ, દિયર અને પતિએ ખુબ હેરાન કરી એવાં જોરજુલમ નીરૂની સાથે મારા જીવતે જીવ નહીં થવા દઉં.. ધણીને મરતો બચાવી શકું તો મારી પણ શકું. ઘર છોડવું પડે તો પડે મા દિકરીને કયાંક તો આશરો મળી જ જશે.

તેણે પોતાના આંસુ લુછી નાખ્યા હતા. હું વિચારતી હતી કે એકલી લડવા મરવા તૈયાર થયેલી આ બહાદુર સ્ત્રીની લડાઈમાં શું હું સામેલ થઈ શકું ?સ્ત્રીના હક્કો, સ્ત્રીનું ગૌરવ, સશક્તિકરણ જેવા વિષયો ઉપર આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે ભાષણ આપવું સહેલું છે પણ આ રીતે સામે પડવાની તાકાત ભણેલી ગણેલી મારા જેવી કેટલી સ્ત્રીઓમાં હશે તેનો તે અંદાજ કળવો મુશ્કેલ છે. **નટવર હેડાઉ**

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર**(કીલોના)
**ચાંદી ચોરસા ૩૯૦૦૦-૩૯૩૦૦**
રૂપુ કાચું ૩૯૦૦૦-૩૯૩૦૦
સોનુ તોલો ૩૧૫૦૦-૩૧૬★૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૧૯૦**
પામોલીન ૧૧૭૦
સોયા રીફાઈન ૧૪૧૦
રાયડાતેલ ૧૫કી.૧૧૨૦-૧૨૫૦
**સીંગતેલ૧૫ કી. ૧૪૭૦**
સીંગતેલ ૧૫ લી.૧૪૭૦
**સીગતેલ ૫ લી. ૪૫૫**
તિરૂપતી કપા. ૧૩૫૦
૫ લીટર ૪૨૮
વનસ્પતિ ઘી ૧૦૩૦
કોપરેલ ૧૫ કિલો ૩૩૦૦
૫ કે. કોપરેલ૧૧૫૦
૫લી. અંકુર સીંગતેલ ૪૫૫
**૧૫ લીટર સનફલાય ૧૩૩૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૬૦
૫ લી. ૪૦૦
૨ લી. ૧૬૫
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજિસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૮૦૦૦
હેરીટેજ દુબાર ૬૨૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પોપુલર ૬૪૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
કાયનાત પ્રીમીયમ ૮૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
પરી નં.૧ ૯૨૦૦
પરી નં. ૭ તીબાર ૮૨૦૦
પરી સુપર દુબાર ૭૪૦૦
કાયનાત ખેનીટાઈમ ૭૨૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૬૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૨૦૦-૩૩૦૦**
**ખાંડ એમ. ૩૪૦૦-૩૪૫૦**
ખાંડએલ. ૩૪૦૦-૩૫૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર ૫ટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર ૯૫૦-૧૦૦૦**
દાણ ૭૦ કી.ગ્રા.૯૫૦-૧૦૦૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૧૦૦
જીરાળુ ૧૬૮૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
**પરચુરણ**
સોજી ૭૮૦
મેંદો ૭૫૦
શ્રીફળ એમ. ૧૨૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૩૮૦૦
ખાંડ બુરૂ ૪૦૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૮૦
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૧૨૦-૧૮૦
સુકી ડુંગળી ૧૮૦-૨૦૦
લસણ ૩૦૦-૭૦૦
ધાણા ૪૦૦-૫૦૦
મરચાં ૫૦૦-૬૦૦
લીંબુ ૧૪૦૦-૧૬૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૮૦૦-૮૪૦
રીંગણ ૩૦૦-૪૦૦
ટામેટા ૧૦૦-૧૪૦
**ભીંડા ૭૦૦-૭૪૦**
કોબી ૧૨૦-૧૪૦
વટાણા ૫૦૦-૧૧૦૦
ટીંડસા ૫૦૦-૮૦૦
ગવાર ૮૦૦-૧૬૦૦
બાદશાહ બટાકા ૨૦૦-૩૨૦
**સાંગા બટાકા ૨૦૦- ૨૪૦**
તુવેર ૬૦૦-૮૦૦

ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

## હેપ્પી બર્થ-ડે યુગરાજ



પિતા:મુકેશજી સોલંકી
માતા:રેખાબેન એમ.સોલંકી
દાદા : લક્ષ્મણજી સોલંકી
દાદી : ગીતાબેન
જન્મ તા: ૧૫/૦૪/૨૦૧૭
ઉ.વ.૧
ગામ: ઢેઢાલ તા.ડીસા જી.બ.કાં.

## જન્મદિન મુબારક

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ........................જ.તા. ................ઉ.વ.
પરિચય: ........................................................
સરનામુ : ........................................................
મોકલનારની સહી : ............................................

## ગ્રામ સ્વરાજ અભિયાન અંતર્ગત જિલ્લાના ૧૫ ગામોને સંપૂર્ણ ઉજ્જવલા યોજના હેઠળ આવરી લેવાશે

હિંમતનગર

સાબરકાંઠા જિલ્લામાં ગ્રામ સ્વરાજ અભિયાન અંતર્ગત તા ૨૦ એપ્રિલ ૨૦૧૮ના દિવસને ઉજ્જવલા દિવસ તરીકે ઉજવવાનું નક્કી કરાયું છે જેમાં જિલ્લાના ૧૫ ગામોને ગેસ કનેક્શન હેઠળ આવરી લેવામાં આવશે. જેમાં પ્રાયોગિક ધોરણે વિજયનગર તાલુકાના લક્ષ્મણપુરા, ચિઠોડા, વડાલીના ભવાનગઢ અને વેટલા, ઈડરના મહિવાડા, રેવાસ, ગણેશપુરા,શેરપુર, વાસંડોલ, ઈસરવડા, હિંમતનગરના કુંપ, સઢા, ભાવપુરા ભાવપુરા અને રામપુર ગામાના દરેક ગ્રામજનને એલપીજી ગેસ કનેક્શન સહિતની તમામ યોજનાઓ સાથે સાંકળી લેવામાં આવશે. એમ જિલ્લા વહિવટીતંત્રની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## પાટણના કોટાવડ ગામેથી દેશી બંદૂક સાથે એક ઝડપાયો

પાટણ

પાટણ એસ.ઓ.જી. પોલીસે કોટાવડ ખાતેથી સાણોદરડા જતા રોડ પર પેટ્રોલીંગ દરમ્યાન સિંધી ડફેર સાજન ગફુર તુંગા (રહે. વિજાપુર) પસાર થઈ રહ્યો હતો ત્યારે પોલીસે તેને ઉભો રાખી તેની અંગ ઝડતી કરતા તેની પાસેથી ગેરકાયદેસર દેશી હાથ બનાવટની બંદૂક નંગ - ૧ (કિં.રૂા.૨૫૦૦) મળી આવતા પોલીસે તે બંદૂક કબજે કરી ડફેરની ધરપકડ કરી હતી ત્યારે અન્ય એક સિંધી ડફેર જાકીર (રહે. દેથળી) નાસી જતાં પોલીસે તેની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મહેસાણા-ધિણોજ હાઈવે પર જીપ- ટ્રક ટકરાતાં ૧ નું મોત

ચાણસ્મા

મહેસાણા ધીણોજ હાઈવે પર ગત મંગળવારે બપોરના સમયે એક જીપડાલુ તેમજ સામેથી આવતી એક આઈસર ગાડી વચ્ચે દાંતકરોડી ગામ નજીક થયેલા અકસ્માતમાં ડાલામાં લઈ જવાની એક ઘોડી અને તથા એક મુસાફરનું ઘટનાસ્થળે મોત થયું હતું.

કચ્છના મુદ્રા તાલુકાના મોટી ખાખર ગામથી જીપડાલુ ઘોડી ભરીને મહેસાણા તરફ વેચવા જઈ રહ્યા હતા. ત્યારે ચાણસ્મા તાલુકાના દાંતકરોડી ગામ પાસે મહેસાણા તરફથી કલરના ડબ્બા ભરીને આવતી આઈસર ગાડી સામેથી અથડાતા જીપડાલામાં લઈ જવાતી ઘોડી અને સવાર શૈલેષભાઈ આહીરનું મોત થયું હતું. જ્યારે બે જણાને માથાના ભાગે ઈજા થઈ હતી. તેમને પ્રાથમિક સારવાર આપ્યા બાદ અમદાવાદ ખસેડવામાં આવ્યા હતા. આ અંગે ચાણસ્મા પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

## હિંમતનગરમાં મદદનીશ નિયામકની કચેરીમાં એસીબીનું સર્ચ ઓપરેશન

હિંમતનગર

અમદાવાદમાં જમીન વિકાસ નીગમમાં પડેલા એસીબીના દરોડાના પગલે હવે હિંમતનગર શહેરમાં આવેલી મદદનીશ નિયામકની કચેરી ખાતે પણ તપાસ હાથ ધરવામાં આવી હતી અને આ ઉપરાંત એમકે દેસાઈના ભાડે રાખેલા મકાનમાં પણ સર્ચ કરવામાં આવ્યુ હતુ. એમકે દેસાઈના પાટણ સ્થિત મકાનમાં ગઈ રાત્રી સર્ચ કર્યા બાદ સવારે હિંમતનગર ખાતે પણ તેમના બગીચા વિસ્તારમાં આવેલા મકાનમાં સર્ચ કરી પંચનામાંની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ ઉપરાંત સ્ટેશન રોડ પર આવેલી જમીન વિકાસ નિગમના મદદનિશ નિયામક ની કચેરીમાં એસીબી એ પુછપરછ હાથ ધરી હતી અને ત્યારબાદ તેના ભાડા ના મકાનમાં સર્ચ કરવા દરમ્યાન કોઈ જ શંકાસ્પદ ચીજ વસ્તુઓ હાથ લાગી નહોતી.

## ડૉ. બાબા સાહેબ આંબેડકરની જન્મજયંતીએ પાટણમાં રેલી યોજાઈ



પાટણ

ભારતરત્ન ડૉ. બાબા સાહેબ આંબેડકરની આજે ૧૨૭મી જન્મજયંતીના ઉપક્રમે પાટણ જિલ્લામાં સામાજિક ન્યાય દિનની ઉજવણી કરાઈ હતી. જેના ભાગરૂપે સવારે કલેકટર કચેરીએથી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા વિકાસ અધિકારી રાજેશ રાજયગુરુએ લીલી ઝંડી ફરકાવી રેલીને પ્રસ્થાન કરાવી હતી. ખૂબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા વિદ્યાર્થીઓએ ડૉ. બાબાસાહેબ અમર રહોના સૂત્રોચાર સાથે પ્રસ્થાન કર્યું હતું.

આ રેલી કલેક્ટર કચેરીથી નીકળી રાજમાર્ગ ઉપર પસાર થઈ બગવાડા દરવાજા ખાતે ડૉ. બાબા સાહેબની પ્રતિમાને માલ્યાર્પણ કર્યુ હતું. અત્રે પણ વિદ્યાર્થીઓએ જય ભીમના સૂત્રો સાથે વાતાવરણને બાબાસાહેબની યાદમાં પુલકિત બનાવી દીધુ હતું. બગવાડા દરવાજાથી રેલી જળ ચોક ખાતે આવેલા ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ જવા માટે પ્રસ્થાન કર્યું હતું અને અહિયાં ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પી રેલીનું સમાપન કરાયું હતું.

આ પ્રસંગે નાયબ નિયામક, અનુસુચિત કલ્યાણ અધિકારી જોત્સનાબેન સોલંકી તેમના સાથી કર્મચારીઓ, દલિત આગેવાનો, વિદ્યાર્થીઓ વગેરે રેલીમાં જોડાયા હતા.

## વિવિધ બજાર ભાવ

| પાટણ | | | |
|---|---|---|---|
| | | રાજગરો | ૬૭૦-૭૩૧ |
| વરી. | ૯૦૦-૧૪૪૬ | જવ | ૩૦૬ |
| મેથી | ૩૫૦-૬૩૧ | ઘઉં | ૨૯૭-૪૨૧ |
| સુવા | ૫૮૦-૮૭૬ | બાજરી | ૨૨૫-૨૫૭ |
| રાયડો | ૬૪૦-૭૩૯ | ગવાર | ૬૯૦-૭૩૫ |
| એરંડા | ૭૬૦-૭૮૫ | કપાસ | ૭૫૦-૧૦૫૯ |
| અજમો | ૮૦૦ | | |

## પાટણમાં વેરાઈ ચકલા નજીક મીની ટ્રક - રીક્ષા અથડાતા ત્રણને ઈજા

પાટણ

પાટણ વેરાઈ ચકલાથી છીંડીયા દરવાજા તરફ જવાના માર્ગ પર સવારથી મોડી સાંજ સુધી વિશેષ ટ્રાફિકના કારણે અકસ્માતના બનાવો બનતા હોય છે, સદર રોડ પર અંબિકા શાકમાર્કેટ આવેલ છે. આ માર્કેટમાંથી શાકભાજી ભરેલા વાહનો બેફામ રીતે ચલાવવામાં આવતા હોય છે. રાત્રે પણ વાહનોની ગતિ તેજ રફતારમાં ચાલતી હોય છે. ત્યારે ગત ગુરૂવારે સાંજે અંબિકા શાકમાર્કેટમાંથી શાકભાજી ભરેલી ટ્રક માર્કેટના પાછળના રસ્તેથી નીકળીને છીંડીયા દરવાજા તરફના રોડ પર જતી હતી ત્યારે સામેથી આવતી રીક્ષાને મીની ટ્રક અથડાતાં રીક્ષામાં સવાર મુસાફરો પૈકીના ૩ જણાને સામાન્ય ઈજા થઈ હતી. સતત ટ્રાફિકથી ધમધમતા આ માર્ગ પર ટ્રાફિક પોલીસ કે સ્થાનિક પોલીસ ક્યારેય નજરે પડતી નથી. જેથી વેરાઈ ચકલા વિસ્તારમાં દારૂ - જુગારની બદી પણ વધી જવા પામી છે. જેની પોલીસ દ્વારા તપાસ ચલાવવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

## કડીમાં ડમ્પરે બાઈક ચાલકને કચડી નાખતાં કરૂણ મોત

કડી

કડીના શિયાપુરા ગામે મોસાળમા નાનીની ખબર અંતર પૂછીને ઘરે પરત ફરતા કલોલ તાલુકાના બોરીસણા ગામના બે યુવાનોને ડમ્પરના ચાલકે અડફેટે લઈ એકને ડમ્પર નીચે કચડી નાખતાં મોત નીપજ્યું હતું. તેમજ એકને ગંભીર ઈજા પહોંચતાં સારવાર અર્થે ખસેડાયો હતો.આ અંગે ડમ્પર ચાલક વિરૂધ્ધ ફરિયાદ નોંધાઈ હતી. કલોલ તાલુકાના બોરીસણા ગામે રહેતા વાલેરા વિષ્ણુભાઈ ગોવિંદભાઈનો પુત્ર મયંક તથા ભત્રીજો શૈલેષ GJ 18 CK 5203 નંબરનુ મોટર સાયકલ લઈને મોસાળ શિયાપુરા ગામે નાની ને મળવા માટે આવ્યા હતા.દરમિયાન સાંજે તેઓ પરત કલોલ બોરીસણા જતા હતા. દરમિયાન બોરીસણા નજીક નર્મદા કેનાલ પાસેથી પસાર થતા સામેથી આવી રહેલા GJ 18 AT 9584 નંબરના ડમ્પરના ચાલકે મયંકના બાઈકને ટક્કર મારી ડમ્પર નીચે મોટર સાયકલ અને તેના મયંકને કચડી નાખતાં મોત નીપજ્યું હતું. જ્યારે શૈલેષને પગે ગંભીર ઈજા પહોંચતાં સારવાર અર્થે ખસેડાયો હતો. અકસ્માત સર્જી ડમ્પર રોડની સાઈડમા પલ્ટી ખાઈ જતા ડમ્પરનો ચાલક ડમ્પર મુકી ફરાર થઈ ગયો હતો.આ બનાવને પગલે ટોળે ટોળે ઉમટી પડ્યા હતા.મૃતક મયંકના પિતાની ફરિયાદને આધારે પોલીસે ફરાર ડમ્પર ચાલક વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો.

## શ્રીમતી જે.ડી.ઠક્કર(પંપવાળા) બી.એડ્/ શ્રી એ.બી. વોરા એમ.એડ્ કોલેજમાં દિક્ષાંત સમારોહ યોજાયો

(પ્રતિ) રાધનપુર

શ્રી અમરજયોત એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી જયાબેન ધીરજલાલ ઠક્કર (પંપવાળા) બી.એડ્. કોલેજ તથા શ્રી અરૂણ બાલચંદ વોરા એમ.એડ. કોલેજ, રાધનપુરના વિદ્યાર્થીઓનો દિક્ષાંત સમારોહ ટ્રસ્ટના પ્રમુખ ડૉ. મહેશભાઈ મુલાણીના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગયો. બી.એડ્. કોલેજના દાતા અને ટ્રસ્ટના કોષાધ્યક્ષ ધીરૂભાઈ ઠક્કર (પંપવાળા) તરફથી દર વર્ષની જેમ કોલેજના યુનિ.ની પરીક્ષામાં પ્રથમ ત્રણ પ્રશિક્ષણાર્થીઓને તેમના તરફથી પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવેલ. આ દિક્ષાંત સમારોહમાં ટ્રસ્ટના પ્રમુખ તેમજ સમારોહના પ્રમુખ અધ્યક્ષ ડૉ.મહેશભાઈ મુલાણીએ તેમના વક્તવ્યમાં શિક્ષણ અને શિક્ષકની ભુમિકા સમજાવી માર્ગદર્શન આપેલ. ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી રાયચંદ ભાઈ કે.ઠક્કરે પ્રશિક્ષણાર્થીઓને આશિર્વચન આપી પરીક્ષામાં સફળતા મેળવવા શુભેચ્છાઓ પાઠવી હતી. આ દિક્ષાંત સમારોહની સફળતા માટે ઓનરરી સેક્રેટરી ડૉ.નવિનભાઈ ઠક્કર, આર્ટસ કોમર્સ કોલેજના આચાર્ય ડૉ.સી.એમ. ઠક્કરે શુભેચ્છાઓ પાઠવી હતી. દિક્ષાંત સમારોહમાં પ્રશિક્ષણાર્થીઓએ પોતાના પ્રતિભાવમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને અધ્યાપકોના અધ્યાપનના અનુભવો જણાવ્યા હતા અને કોલેજ કાળના બે વર્ષના સંસ્મરણો કાયમી સંભારણું બની રહેશે તેવો પોતાનો પ્રતિભાવ આપ્યા હતા. આ સમારોહનું સંચાલન આચાર્ય બી.પી. દવેના માર્ગદર્શન હેઠળ પ્રા.ડૉ.વી.કે. સત્યપાલ અને ગ્રંથપાલ કૈલાસબાબુ શ્રીમાળીએ કર્યું હતું આભારવિધિ એમ.એડ્. કોલેજના હેડ ડૉ.વાય.કે. બારોટે કરી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

## રાધનપુરમાં બી.એડ. અને એમ.એડ. કોલેજનો દીક્ષાંત સમારોહ યોજાયો

રાધનપુર

રાધનપુરમાં હિંમત વિદ્યાનગર કેમ્પસમાં આવેલ બી.એડ. અને એમ.એડ. કોલેજના પ્રશિક્ષણાર્થીઓનો દીક્ષાંત અને પારિતોષિક સમારોહ ટ્રસ્ટના પ્રમુખ ડો.મહેશ ભાઈ મુલાણીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.સમારોહનું ઉદ્ઘાટન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી રાયચંદ ભાઈ ઠક્કરે કર્યું હતું. પ્રશિક્ષણાર્થીઓને પ્રમાણપત્રો અને પારિતોષિકો એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે બી.એડ.કોલેજના પ્રિન્સિપાલ બી.પી.દવે અને એમ.એડ. કોલેજના પ્રિન્સિપાલ ડો.વાય.કે બારોટ ઉપસ્તિથ રહ્યા હતા.



કમલ ચક્રવર્તી

## રૂની - ડભાડ સ્વામીનારાયણ મંદિર ખાતે પારાયણ કથાનો અનેક ભાવિકોએ લાભ લીધો

પાટણ

રૂની એસએમવીએસ સ્વામીનારાયણ મંદિર ખાતે ગતરોજ પારાયણના છેલ્લા દિવસે પ.પૂ.પૂરણ સ્વામીએ સંગ અને કુસંગ વિષે વિસ્તૃત માહિતી આપતા જણાવ્યું હતું કે જો જિલ્લામાં વાણી, વર્તન વિચારનો આધાર સ્વયંભુ કોઈ હોય તો તે છે સંગ જો સંતોનો સંગ થઈ જાય તો જીવન ધન્ય બની જાય છે.

જો ગમે તેવો કુપાત્ર જીવ હોય છે પરંતુ મોટા પુરૂષનો ભગવાનના સંતનો જો સંગ થઈ જાય તો તેનું જીવન સાફલ્ય થઈ જાય છે.

જેમ દૂધમાં પાણી નાંખો તો પાણી પણ દૂધ બની જાય છે. તેમ સંતોના સંગમાં ભળી જાવ તો જીવન પણ ઉત્કૃષ્ટ બની જાય છે.

ભગવાનના દર્શને જઈએ સારા માણસોનો સંગ કરીએ ભગવાનના ભક્તો સાથે ભક્તિ સમાગમ કરીએ તો જીવન પણ ધન્ય બની જાય છે ‘જેવો સંગ તેવો રંગ’ કહેવત પ્રમાણે સારા માણસનો સંગ કરવાથી ઉત્કૃષ્ટતા પ્રાપ્ત થાય છે અને ખરાબ માણસોનો સંગ કરવાથી જીવન વ્યર્થ નિવડે છે.



કમલ ચક્રવર્તી

## રાધનપુરના ધારાસભ્યએ ૩૭ ગામોમાં પૂરથી બચવા સંરક્ષણ દીવાલ બનાવવા માંગ કરી

રાધનપુર

રાધનપુરના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે દાંતીવાડા સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેરને લેખિતમાં રજુઆત કરીને રાધનપુર તાલુકાના ૧૩,સાંતલપુર તાલુકાના ૬ અને સમી તાલુકાના ૧૪ ગામોમાં બનાસ નદીના પૂરથી બચવા સંરક્ષણ દીવાલ બનાવવાની માંગ કરી છે.જેમાંથી આ વિભાગ દ્વારા ૧૮ ગામોનો સર્વે કરીને બનાસ નદી કાંઠાના આ ગામોમાં સંરક્ષણ દીવાલ બનાવવાના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે,જો કે ધારાસભ્ય અલ્પેશજી ઠાકોરના પી.એ. હાર્દિકભાઈ ત્રિવેદીના જણાવ્યા મુજબ આ સંરક્ષણ દીવાલો આવતા ચોમાસા પહેલા બની જાય તો ગ્રામજનો માટે સલામતી રહેશે,નહિ તો પૂરનાં પાણી ગામોમાં ઘુસી જશે તો લોકો બેહાલ બની જશે,જો કે સિંચાઈ વિભાગનો સકારાત્મક અભિગમ હોવાથી કામ ઝડપથી પૂર્ણ થશે તેવો આશાવાદ છે.

ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે ડીસા સ્થિત દાંતીવાડાની સિંચાઈ વિભાગની કચેરીના કાર્યપાલક ઈજનેરને કરેલી લેખિત રજુઆતમાં જણાવ્યા મુજબ ૨૦૧૭ ના અતિભારે વરસાદ/અતિવૃષ્ટિથી પૂરનાં કારણે રાધનપુર,સાંતલપુર અને સમી તાલુકાના ગામોમાં જાનમાલ અને મિલ્કતોને નુકશાન થવા પામ્યું હતું.ખુદ મુખ્યમંત્રીએ આ વિસ્તારની મુલાકાત લઈને જાતમાહિતી મેળવી હતી. અને પૂરગ્રસ્ત ગામોને આગામી ચોમાસા સુધી સંરક્ષણ દીવાલો બનાવી આપવાની જાહેરાતો કરી હતી.જેથી બનાસ નદીના કિનારાના અને નીચાણવાળા ગામોમાં સંરક્ષણ દીવાલો બનાવી આપવા માંગ કરવામાં આવી છે.આ ગામોમાં સંરક્ષણ દીવાલ બનાવવાની તાતી જરૂરિયાત છે,આ ગામો કાયમી ચોમાસામાં ભારે વરસાદથી અને બનાસ નદીના પૂરની ભીતિથી ભયમાં રહે છે.અગાઉ ભૂતકાળમાં આ ગામોમાં બનાસ નદીના પૂરના કારણે લોકોની જાનમાલની અને માલમિલ્કતને ખુબ જ નુકશાન જ થયેલ છે, જેથી ભવિષ્યમાં નુકશાન ના થાય તે માટે આ ગામોની પૂર સંરક્ષણ દીવાલો બનાવવાના સર્વે કરાવી તાંત્રિક તપાસ કરાવીને તાત્કાલિક સંરક્ષણ દીવાલો બનાવવા માંગ કરી છે.

### કયાં ગામો માટે માંગ કરાઈ

રાધનપુરતાલુકાનાકામલપુર(ધરવડી),મધાપુરા,નાનાપુરા,અમીરપુરા,મસાલી,શબ્દલપુરા,નઝૂપુરા,શેરગઢ,કમાલપુર(સાતુન), ગુલાબપુરા,ધોળકડા,પેદાશપુરા,જોરાવરગંજ,બિસ્મિલ્લાગંજ,કરશનગઢ,અગીચાણા,છાણીયાથર, સાંતલપુર તાલુકાના અબિયાણા, લુણિચાણા, ઉનડી, ગોખાન્તર ગામડી, રાણીસર , કોપડા રામપુરા, સમી તાલુકાના અદગામ સુખપુરા, લાલપુર, હરિપુરા, જાખેલ, રામપુરા, જૂનારામપુરા, બાબરી, બિસ્મિલ્લાગંજ, ગોચનાદ, ખરચરીયા, રણાવાડા, શેરપુરા, દાદર અને ધધાણા

## ઓએનજીસીના કોન્ટ્રાક્ટ બેઈઝ્ડ ડ્રાઈવરો હડતાળ પર ઉતર્યા, ૧૦૦ની અટકાયત

મહેસાણા

લધુતમ વેતનની માંગ સાથે પાલાવાસણા સર્કલ ખાતે ઓએનજીસીમાં કોન્ટ્રાક્ટ બેઝ્ડસ પર નોકરી કરતાં ડ્રાઈવરો હડતાળ પર ઉતર્યા હતા. અહીં તેમણે ઘરણાં કરીને વેતન વધારવામાં આવી માંગ કરી હતી અને સૂત્રોચ્ચાર કર્યા હતા. પ્રદર્શન કરી રહેલા ડ્રાઈવરોને પોલીસે અટકાયત કરી હતી. અંદાજે ૧૦૦ જેટલા પ્રદર્શનકારીઓને પોલીસે અટકાયત કર્યા બાદ છોડી મૂક્યા હતા.

હડતાળ પર ઉતરેલા ડ્રાઈવરોએ જણાવ્યું હતું કે, માગ છે કે મિનિમમ વેજ અનુસાર અમને ચૂકવણી કરવામાં નથી આવતી. ૨૦થી ૨૫ વર્ષથી ઓએનજીસીમાં કોન્ટ્રાક્ટ પર નોકરી કરતાં ડ્રાઈવરોને લધુતમ વેતન મળતું નથી. કોન્ટ્રાક્ટરો ટેન્ડર પાસ કરે છે તેમાં મિનિમમ વેજ લખેલો હોય છે, એ મળતો નથી. ૩થી ૪ હજાર રૂપિયા પગાર ડ્રાઈવરોને આપીને શોષણ કરવામાં આવે છે. કોન્ટ્રાકરો અને ઓએનજીસીના અધિકારીઓ મળીને ડ્રાઈવરોનું શોષણ કરે છે.

મહેસાણા ઓએનજીસીના એસેટ મેનેજર વી. જે. પંડ્યાએ જણાવ્યું હતું કે, કોન્ટ્રાક્ટરના બસ અને લાઈટ વ્હિકલના ડ્રાઈવરોની માંગણીઓ હતી તેના લીડરો આવીને મને મળ્યા હતા. તેમનું વેતન નવા કોન્ટ્રાક્ટમાં વધ્યું છે એ પ્રમાણે આપે. આજે અમે તેનો ઓર્ડર ઈશ્યુ કરીએ છીએ અને કોન્ટ્રાક્ટર પ્રુફ આપશે પછી જ તેનું બિલ પાસ કરીશું.

## નવા ભીલોર ગામે પ્રાઈમસથી દાઝી જતાં યુવકનું મોત

પાટણ

પાટણ જિલ્લાના રાધનપુર તાલુકાના નવા ભીલોર ગામે ધોરણ ૮ માં અભ્યાસ કરતો ઠાકોર સાગર મનસુંગભાઈ શાળાની રીસેસ દરમિયાન ઘરે આવીને પ્રાઈમસ ઉપર ચા મુકતો હતો તેવામાં પ્રાઈમસ માંથી અચાનક ભડકો થતાં સાગર શરીરના ભાગે સખ્ત રીતે દાઝી ગયો હતો અને તેની બુમરાડ સાંભળી આજુબાજુના લોકો ઘરે દોડી આવ્યા હતા અને દાઝેલા સાગરને ૧૦૮ વાનમાં રાધનપુર ખસેડવામાં આવેલ બાદમાં વધુ સારવાર માટે પાટણ નજીકની ધારપુર સિવીલમાં ખસેડવામાં આવેલ જ્યાં ચાર દિવસની સારવાર દરમ્યાન પંદર વર્ષીય સાગરનું ગત ગુરૂવારે મોત થયું હતું.

## નડાબેટ સીમા-દર્શન માટે પાટણ શહેરના સિનિયર સીટીઝનોની બે લક્ઝરી બસને મુખ્યમંત્રીએ પ્રસ્થાન કરાવ્યું



પાટણ

રાજ્ય સરકારશ્રીની શ્રવણ તીર્થ યોજના હેઠળ ૬૦ વર્ષથી ઉપરની ઉંમરના સિનિયર સીટીઝનોને ૫૦ ટકાના રાહતદરે તીર્થ સ્થાનોનો પ્રવાસ કરાવવામાં આવે છે. જે અંતર્ગત પાટણ શહેરના અનુસૂચિત જાતિના સિનિયર સીટીઝનો માટે અનુસૂચિત જાતિ મોરચો પાટણ શહેર દ્વારા નડાબેટ સીમા દર્શનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સીમા દર્શન માટેની બે લક્ઝરી બસને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. બે લક્ઝરી બસના કુલ-૧૨૦ પ્રવાસીઓને નડાબેટ મંદિર,

ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદ જોવાનો તથા બી.એસ.એફના જવાનોને મળવાનો લ્હાવો મળશે. આ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી ઈશ્વરભાઈ પરમાર, ગુજરાત પ્રદેશ ભાજપા મહામંત્રી કે.સી.પટેલ,જિલ્લા ભાજપા પ્રમુખ મોહનભાઈ પટેલ, અગ્રણી મયંક નાયક, કલેકટર આનંદ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી રાજેશ રાજયગુરૂ સહિત અનુસૂચિત જાતિના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ઊંઝાના મક્તુપુરના યુવાને ઝેરી દવા પી લેતાં મોત નીપજ્યું

ઊંઝા

ઊંઝા તાલુકામાં બે ઝેરી દવા પીવાના બનાવમાં એક નું મોત નીપજયું હતું. જયારે બીજો સારવાર હેઠળ છે. તાલુકાના મકતુપુર ગામનો દિનેશભાઈ મોહનભાઈ પરમારે (ઉ.વ.૪૫) કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવતા તેને તાત્કાલિક પાટણની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો. જયાં તેનું સારવાર દરમિયાન મોત નીપજયું હતું.

જયારે ઊંઝા મલાઈ તળાવ પાસે રહેતા ઠાકોર હરગોવન પુરથાજીએ પણ કોઈ કારણોસર ઝેરી દવા ગતગટાવતા તેને મહેસાણા સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો. પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.